RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

**Year : 15, Issue : 319, Dt.1-4-2025 Tuesday Page : 4** Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ડીસાની ફટાકડા ફેક્ટરીમાં આગ લાગતા ૧૭ના મોત

## વિસ્ફોટક પદાર્થમાં પ્રચંડ ભડાકો થતાં ગોડાઉન ધરાશાયી; મજૂરોનાં માનવઅંગો દૂર સુધી ફેંકાયાં: પાલનપુર, ડીસા, થરા નગરપાલિકાના ફાયર ફાઈટર ઘટના સ્થળે :પાણી ગરમ કરવાનું બોઈલર ફાટવાના કારણે આગ લાગી હોવાની આશંકા

**મુખ્ય સમાચાર,ડીસા**

ડીસામાં ઢુંવા રોડ પર આવેલી ગેરકાયદેસર ફટાકડાની ફેક્ટરી અને ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળતાં ૧૭ મજૂરનાં મોત થયા છે. આ ઘટનાની જાણ થતાં જ ડીસા નગરપાલિકાના ફાયર ફાઈટરો અને ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયાં હતાં. હાલ જઉછઋની ટીમે પણ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂની કામગીરી હાથ ધરી છે. ઘટનાને પગલે ફેક્ટરી માલિક ફરાર થઈ ગયો છે અને મજૂરોની ઓળખ કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે.

પ્રાથમિક માહિતી મુજબ, ફટાકડા બનાવવાના દારૂગોળામાં પ્રચંડ વિસ્ફોટ થતાં આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે, બાજુમાં આવેલું ગોડાઉન ધરાશાયી થતાં ૨૦૦ મીટર દૂર સુધી કાટમાળ ફેલાયો હતો. જ્યારે મજૂરોનાં માનવઅંગો પણ દૂર-દૂર સુધી ફેંકાયાં હતા.

મળતી માહિતી મુજબ, દીપક ટ્રેડર્સ નામની ફેક્ટરીમાં ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. આ કંપની ખૂબચંદ સિંધી નામના વ્યક્તિની છે. આ ફટાકડાની એજન્સીમાં તેઓ વિસ્ફોટક પદાર્થ લાવીને ફટાકડા બનાવતા હતા. જો કે, માલિકે માત્ર ફટાકડા વેચાણ માટેની જ પરમિશન લીધેલી છે, ફટાકડા બનાવવા માટેની નહિ. જેથી સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા આ અંગે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.






મજૂરો ફટાકડા બનાવી રહ્યા હતા ત્યારે, અચાનક વિસ્ફોટ થતાં મજૂરોનાં માનવઅંગો પણ દૂર દૂર સુધી ફેંકાયાં હતાં. બાજુના ખેતરમાંથી પણ માંસના લોચા મળી આવ્યા હતા. ઘટનાસ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી. ફાયર વિભાગના કર્મચારીઓ ભારે જહેમત બાદ આગને કાબૂમાં લઈ લીધી છે. જો કે, આગની ભયાનકતાના કારણે હજુ પણ મોતનો આંકડો વધવાની શક્યતા છે.

આ ઘટનામાં કેટલા મજૂરો હાજર હતા અને કેટલા મજૂરો સુરક્ષિત છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. પરંતુ, ૧૧ જેટલા મજૂરની લાશ બહાર કાઢવામાં આવી છે. જ્યારે પાંચ જેટલા ઘાયલ મજૂરને ડીસા સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા છે. ડીસાના ધારાસભ્ય પ્રવીણ માળી, ડીસા નાયબ કલેક્ટર નેહા પંચાલ, ડીસા ડી.વાય.એસ.પી સી.એલ. સોલંકી, મામલતદાર વિપુલ બારોટ સહિત તંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું હતું કે, આજે (૧ એપ્રિલે) સવારે ડીસા ખાતે ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં એક ફટાકડા બનાવવાની ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થવાના સમાચાર મળ્યા હતા. આ બ્લાસ્ટના કારણે ફેક્ટરીનો સ્લેબ ધરાશાયી થયો હતો. ફેક્ટરીમાં કામ કરતાં મજૂરોના પરિવારો પણ અહીં રહે છે. હાલ ડીસા નગરપાલિકાની ફાયર ફાઈટરની ટીમે આગ પર કાબૂ મેળવી લીધો છે.

ડીસાના એસ.ડી.એમ નેહા પંચાલે જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ, એક બ્લાસ્ટનો અવાજ સંભળાયો. જેના કારણે એક ધાબું પડી ગયું. જેથી કેટલાક લોકો દટાઈ ગયા હતા. આ બધાને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. છ લોકો હાલ સારવાર હેઠળ છે. જેમાંથી ત્રણ જેટલા લોકો ૪૦ ટકાથી વધુ દાઝ્યા છે. જો કે, અત્યારે મોતનો ચોક્કસ આંકડો કહી શકાય તેમ નથી.

# નવા નાણાકીય વર્ષમાં સીએનજી-પીએનજીમાં ભાવ વધારો થવાના ભણકારા

## કુદરતી ગેસમાં ૪ ટકાનો ભાવ વધારોઃ બે વર્ષમાં પ્રથમ વખત કિંમત વધારાઈઃ મહત્વના અનેક ક્ષેત્રોને અસર થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નવા નાણાંકીય વર્ષના પ્રારંભે કોમર્સીયલ રાંધણગેસ સિલીન્ડરમાં રાહત જાહેર કરવાની સામે સીએનજી-પીએનજીમાં ભાવ વધારો થવાના ભણકારા છે. કેન્દ્ર સરકારે એપીએમ (એડમીનીસ્ટર્ડ પ્રાઈઝ મીકેનિઝમ) ગેસની કિંમતોમાં આજથી વધારો લાગુ કર્યો છે.

કેન્દ્ર સરકારે એપીએમ હેઠળના કુદરતી ગેસની કિંમતમાં ચાર ટકાનો વધારો કર્યો છે.આ પાકૃતિક ગેસનો ઉપયોગ સીએનજી-વિજળી તથા ખાતર ઉત્પાદનમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

પેટ્રોલીયમ મંત્રાલયનાં નોટીફીકેશન મુજબ કુદરતી ગેસની કિંમત પ્રતિ મીલીયન બ્રિટીશ થર્મલ યુનિટ રૂા.૬.૫૦ ડોલરથી વધારીને રૂા.૬.૭૫ ડોલર કરવામાં આવી છે.

એટીએમ હેઠળનો ગેસ સીએનજી, ઉર્જા તથા ખાતર ઉત્પાદનમાં કાચા માલ સ્વરૂપે ગણાય છે. આ સંજોગોમાં સીએનજી સહીત ઉકત ચીજો-સેવાઓ મોંઘી થઈ શકે છે.

ગેસના ઉત્પાદનમાં સામેલ છે તેના દ્વારા કાચા માલ સ્વરૂપે ગેસ સીએનજી, પીએનજી, વિજળી તથા ખાતર ઉત્પાદન માટે પાઈપ મારફત




પહોંચાડવામાં આવે છે. છેલ્લા બે વર્ષમાં પ્રથમ વખત આ ભાવ વધારો કરવામાં આવ્યો છે. કુલ ગેસ ઉત્પાદનમાં એપીએમનો હિસ્સો ૭૦ ટકા છે.

# ઝારખંડમાં બે માલગાડીઓ વચ્ચે જોરદાર ટક્કર બાદ આગઃ ડ્રાઈવર સહિત ત્રણના મોત

**મુખ્ય સમાચાર,રાંચી**

મંગળવારે ઝારખંડમાં બે માલગાડીઓ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત બાદ આગ લાગવાના પણ સમાચાર છે. અત્યાર સુધીમાં ડ્રાઈવર સહિત ત્રણ લોકોના મોત થયા છે.દેશમાં ત્રણ દિવસમાં આ બીજી ટ્રેન દુર્ઘટના છે. ઝારખંડના સાહિબગંજમાં એક મોટો ટ્રેન અકસ્માત થયો છે. અહીં બે માલગાડીઓ એકબીજા સાથે અથડાઈ હતી. ટક્કર એટલી ગંભીર હતી કે ટ્રેનના એન્જિનમાં આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં ડ્રાઈવર સહિત ત્રણ લોકોના મોત થયા હતા. આ દરમિયાન ઈઈજાક્ષના ત્રણ જવાનો ઘાયલ થયા હોવાનું પણ જાણવા મળ્યું છે.મળતી માહિતી મુજબ આ ઘટના સવારે સાડા ત્રણ વાગ્યાની આસપાસ બની છે. ફરક્કાથી લાલમતિયા જતી માલગાડી બારહેત ખાતે ઉભેલી માલગાડી સાથે અથડાઈ હતી. જે બાદ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી શકાયો હતો. સ્થાનિક લોકોનું કહેવું છે કે માલગાડીઓ વચ્ચેની ટક્કર એટલી જોરદાર હતી કે બે લોકો પાઈલટનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. અથડામણને કારણે એન્જિન અને કોલસાથી ભરેલી બોગીમાં આગ લાગી હતી. બંને ટ્રેન પાટા પરથી ઉતરી ગઈ હતી. એકનું એન્જીન સંપૂર્ણ ક્ષતિગ્રસ્ત થયું હતું.સાહિબગંજમાં સોમવારે રાત્રે લગભગ ૩ વાગ્યે બે માલસામાન ટ્રેનો વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.જેમાં બે લોકો પાયલટના મોત થયા હતા અને



ચાર ઈઈજાક્ષજવાનો ઘાયલ થયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, એક માલગાડી પાટા પર ઉભી હતી. ત્યારબાદ તે જ ટ્રેક પર બીજી માલગાડી આવી. જેના કારણે બંને ટ્રેનો વચ્ચે સીધી ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બોકારોના રહેવાસી અંબુજ મહતો અને બંગાળના બીએસ મોલનું મોત થયું હતું. ઈજાગ્રસ્તોને બારહેત સદર હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. અથડામણ બાદ કોલસાથી ભરેલી માલગાડીમાં આગ લાગી અને અનેક બોગી પાટા પરથી ઉતરી ગઈ. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબૂમાં લેવાનું શરૂ કર્યું હતું. અહીં બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે.

# રાજકોટમાં વધુ એક ફેક્ટરીમાં આગઃ અમદાવાદ હાઈવે પર શેમ્પૂ બનાવતી ફેક્ટરીમાં ધૂમાડાના ગોટે ગોટા નિકળ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં વધુ એક ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ રૂડા ટ્રાન્સપોર્ટ વિસ્તારની બાજુમાં આવેલ દિવેલીયા વિસ્તારમાં આવેલી શેમ્પુ બનાવતી ફેકટરીમાં બપોરના ૧૨ વાગ્યે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે.

તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવામાં આવતા અલગ અલગ ફાયરની ૩ ટીમની મદદથી આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન હાથ ધરવામાં આવી રહી છે. અંદરના ભાગે કેમિકલ પણ હોવાથી જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે.





# કોમર્શિયલ રાંધણ ગેસનાં સિલીન્ડરમાં રૂ.૪૧નો નોંધપાત્ર ઘટાડો

## હોટેલ-રેસ્ટોરા સહિત વ્યાપારિક વપરાશમાં મોટો ફાયદો થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ટોલ ટેકસથી માંડીને અનેકવિધ સોદાઓ આજથી મોંઘા થયા છે. જયારે પેટ્રોલીયમ કંપનીઓએ રાંધણગેસનાં ભાવમાં નોંધપાત્ર રાહત જાહેર કરી છે. કોમર્શીયલ રાંધણગેસ સિલીન્ડરમાં રૂા.૪૧ નો ઘટાડો કરવામાં આવ્યો છે.ભારતમાં આજથી નવા નાણાંકીય વર્ષની શરૂઆત સાથે કરવેરા સહીતનાં નિયમોમાં અનેકવિધ બદલાવ લાગુ થયા છે. અનેક સેવાઓ મોંઘી થઈ છે તેવા સમયે રાંધણ ગેસમાં ભાવ ઘટાડો કરાયો છે. ૧૯ કિલો ગ્રામનાં કોમર્સીયલ ગેસ સીલીન્ડરના ભાવમાં રૂા.૪૧ નો ઘટાડો કરાયો છે.

આજથી જ નવી કિંમતો લાગુ કરી દેવામાં આવી છે.પાટનગર દિલ્હીમાં હવે નવો ભાવ રૂા.૧૭૬૨ થયો છે. પેટ્રોલીયમ કંપનીઓએ કેલેન્ડર વર્ષનાં પ્રારંભે પણ કિંમતમાં રૂા.૧૪.૫૦ નો ઘટાડો કર્યો હતો. સિલીન્ડર સસ્તો કરવા છતાં સબસીડીયુકત-ઘર વપરાશના રાંધણગેસના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પેટ્રોલીયમ કંપનીઓ દ્વારા



વૈશ્વિક કિંમતોનાં આધારે દર મહિને ભાવમાં બદલાવ કરવામાં આવતો હોય છે.આ મહિને રાંધણગેસ સસ્તો કરાતા હોટેલ-રેસ્ટોરા તથા કોમર્શીયલ ગ્રાહકોને તેને ફાયદો મળશે. આ મહિને રાંધણ ગેસ સસ્તો કરાયો છે. પરંતુ ગત મહિને રૂા.૬ નો વધારો કરાયો છે. અત્યાર સુધીમાં રાંધણગેસની કિંમતમાં સૌથી ઓછી વૃધ્ધિ ચાલુ વર્ષે છે.

# ચાર દાયકા બાદ કૃષિ અને ગ્રામ્ય મજુરોના ભાવાંકના પાયાના દરમાં સુધારો કરવાનો નિર્ણય

## ૧૯૮૬-૮૭ને બદલે ૨૦૨૪-૨૫ નું પાયાનું વર્ષ ગણીને ગ્રાહક ભાવો નકકી થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

મોંઘવારી-મજુરી દર સહિતના મામલે વખતોવખત ઉહાપોહ સર્જાય છે ત્યારે કેન્દ્ર સરકારે હવે ચાર દાયકા બાદ કૃષિ અને ગ્રામ્ય મજુરોના ભાવાંકના પાયાના દરમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે અને આ માટે કમીટીનું ગઠન કરવામાં આવ્યુ છે.

નેશનલ સ્ટેટેસ્ટીકલ કમીશનના સભ્ય આસીતકુમાર સાધુના વડપણ હેઠળ રચાયેલી નિષ્ણાંત કમીટીને પાયાનું વર્ષ ૧૯૮૬-૮૭ને બદલે ૨૦૨૪-૨૫ કરવા કહેવામાં આવ્યુ છે.

સરકારે ૪૦ વર્ષ બાદ કૃષિ મજુરો તથા ગ્રામ્ય મજુરો માટેના ગ્રાહક ભાવાંકને રિવાઈઝ કરવાનો નિર્ણય લીધો છે. આ વર્ગને ફુગાવાની અસરની સચોટ માહિતી મેળવવા આ



કદમ ઉઠાવવામાં આવ્યુ છે જેના આધારે ગ્રામ્ય રોજગાર ગેરંટી યોજના હેઠળ મજુરી દરમાં પણ વધારો થવાની શકયતા છે.

વર્તમાન તબકકે ખેત-ગ્રામ્ય મજુરો માટેના ગ્રાહક ભાવાંકની ગણતરી ૧૯૮૬-૮૭ ના પાયાના વર્ષ તરીકે થાય છે.

# અમેરિકાની કોર્ટમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ સામે સમન્સ બજાવવા પ્રયાસ


## ખાલીસ્તાની નેતા પન્નુની હત્યાના ષડયંત્ર કેસમાં ન્યુયોર્ક અદાલતે ગત વર્ષે ઈશ્યુ કરેલુ સમન્સ પરત

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકા-કેનેડાની બેવડી નાગરિકતા ધરાવતા શીખ ખાલીસ્તાની નેતા ગુરપતવંતસિંઘ પન્નુની હત્યાના કહેવાતા ષડયંત્ર અંગે અમેરિકી અદાલતમાં ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ સામે અમેરિકી અદાલતે જારી કરેલું. સમન્સ તા.૧૨-૧૩ ફેબ્રુઆરીના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે અમેરિકાની મુલાકાતે પહોંચેલા શ્રી દોભલ સામે આ સમન્સ બનાવવા પ્રયાસ થયો હતો પણ અમેરિકી સિક્રેટ સર્વિસના એજન્ટોએ તે પ્રવાસ નિષ્ફળ બનાવાયો હતો.

દોભલ પણ અમેરિકામાં વ્હાઈટ હાઉસ પાસેના સતાવાર પ્રેસીડેન્ટ ગેસ્ટ હાઉસ તરીકે જાણીતા બ્લેર હાઉસમાં જ રોકાયા હતા અને અમેરિકી અદાલત દ્વારા ઈસ્યુ કરાયેલ સમન્સ સાથે કોર્ટના એક અધિકારી પહોંચ્યા હતા પણ અહી તૈનાત અમેરિકી સિક્રેટ સર્વિસના અધિકારીઓએ તેમને રોકયા હતા અને બ્લેર હાઉસ અંદર જવા પણ દેવા નહી. જયારે અદાલતના અધિકારીએ ગેસ્ટહાઉસ બહાર આ સમન્સ મુકવા પ્રયાસ કર્યો તો તેમાં પણ સિક્રેટ સર્વિસે રોકીને જો તેમ કરશે તો તેની ધરપકડ કરાશે તેવી કોઈ અધિકારીને ચેતવણી આપી હતી. બાદમાં અધિકારી વ્હાઈટહાઉસ એરીયા બહાર સ્ટારબકસના એક ટી-શોપમાં આ સમન્સ મુકીને ચાલ્યા ગયા પણ અમેરિકી અદાલતે તે સમન્સ બજવણી માન્ય રાખી નથી. પન્નુના ધારાશાસ્ત્રીએ જ અગાઉ શ્રી દોભલ અમેરિકા આવી રહ્યા હોય તેવી અદાલતને જાણ કરી હતી અને તેથી જ અદાલતે આ સમન્સ બજાવવા આદેશ આપ્યો હતો.

હવે પન્નુના ધારાશાસ્ત્રીને પુરી હકીકત જણાવી દેવામાં આવી છે. ન્યુયોર્કની સાઉથન ડિસ્ટ્રી.ના જજ કોર્ટના આદેશ છતાં પણ પ્રતિવાદી (દોભલ)ને કે તેમના એજન્ટ અથવા હોટેલ (ગેસ્ટહાઉસ) ના મેનેજમેન્ટને આ સમન્સ બજાવી શકાયુ પછી ભારતના વિદેશ સચીવ શ્રી વિક્રમ મિસરીએ આ પ્રક્રિયાને બિનજરૂરી અને સ્વીકાર્ય નહી હોવાની સ્પષ્ટ જાણ અમેરિકી સતાવાળાઓને કરવામાં આવી હતી.ગત સપ્ટેમ્બર માસમાં દોભલ સામે અમેરિકન કોર્ટ સમન્સ ઈસ્યુ કર્યુ હતુ પણ તેઓ અમેરિકા બહાર



હોવાથી તે બની શકયુ ન હતું. હવે તા.૩ નવે.ના તેના પર વધુ સુનાવણી થશે. પન્નુના ધારાશાસ્ત્રીને અપાયેલી માહિતી મુજબ તા.૧૨ ફેબ્રુઆરીએ કોર્ટ અધિકારી એમ્બીકો આલેન્સ સોજે ૭.૨૨ કલાકે બ્લેર હાઉસ પહોંચ્યા હતો પણ પ્રથમ ચેકપોષ્ટ પર જ તેમને અટકાવાયા હતા અને અદાલતી કાગળો છતા તેમને અંદર જવા દેવાયા ન હતા.બાદમાં વધુ એક કોર્ટ અધિકારી જે આ પ્રકારે સમન્સ બજાવવામાં ૧૫ વર્ષના નિષ્ણાંત છે તેમાં બીજા દિવસે બપોરે ૧૨.૧૫ કલાકે પહોંચ્યા હતા. પણ સિક્રેટ સર્વિસના અધિકારીએ તે દસ્તાવેજ પણ સ્વીકારવા ઈન્કાર કર્યો હતો. તેમણે તે જમીન પર મુકવા પ્રયાસ કર્યો પરંતુ તેમ પણ કરવા દેવાયા ન હતા. બાદમાં સમન્સ અધિકારી બહાર જાહેર સ્થળ પર જયાં તેની ધરપકડ ન થાય તે સ્થળે સમન્સ મુકીને ચાલ્યા ગયા હતા પણ અદાલતે તે પ્રક્રિયા માન્ય રાખી નથી તથા ડીજીટલ કોપી પણ સ્વીકાર્ય કરી ન હતી.

# મોરબીમાં હાઉસીંગના ફ્લેટ માંથી વિદેશી દારૂની નાની-મોટી ૬૬ બોટલ સાથે એકઝડપાયો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમ દ્વારા શનાળા રોડ હોઉસીંગના ત્રણ માળીયાના ફ્લેટમાં રેઈડ કરી વિદેશી દારૂની નાની-મોટી ૬૬ બોટલ સાથે એક ઈસમની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે વિદેશી દારૂનો જથ્થો આપી જનારનું નામ ખુલતા તે આરોપીને ફરાર દર્શાવી, બન્ને આરોપીઓ વિરુદ્ધ એ ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મોરબીના શનાળા રોડ સ્થિત હાઉસીંગ બોર્ડના ત્રણ માળીયાના રહેણાંક ફ્લેટ નં.૩૭૬ બ્લોક નં.૬૮માં મનોજભાઈ ખારેચા વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરતા હોવાની પૂર્વ બાતમીને આધારે ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા ઉપરોક્ત સ્થળે દરોડો પાડવામાં



આવ્યો હતો, ક્રાઈમ બ્રાંચે ત્રીજા માળે આવેલ ઉપરોક્ત ફ્લેટમાંથી વિદેશી દારૂ મેકડોવેલ્સ વહીસ્કી ની ૭૫૦મીલી.ની ૬ બોટલ કિ.રૂ.૩,૩૬૬/-તથા ૩૭૫મીલી. રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૬૦ નંગ બોટલ કિ.રૂ.૨૧,૦૦૦/- એમ કુલ ૬૬ બોટલ કિ.રૂ.૨૪,૩૬૬/-નો મુદ્દામાલ સાથે આરોપી મનોજભાઈ કિશોરભાઈ ખારેચા ઉવ.૫૦ ની અટકાયત કરવામાં આવી હતી. દરોડા દરમિયાન પકડાયેલ આરોપી મનોજભાઈની પ્રાથમિક પૂછતાછમાં વિદેશી દારૂનો જથ્થો મોરબી-૨ કુબેર ટોકીઝ પાછળ રહેતા દિગુભા જાડેજા આપી ગયા હોવાનું જણાવ્યું હતું, જેથી પોલીસે તે આરોપીને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી હતી, આ સાથે ક્રાઈમ બ્રાંચ પોલીસ દ્વારા બન્ને આરોપીઓ સામે સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરાવી આગળની તપાસ ચલાવી છે.

# જામનગર શહેરની રાધિકા સ્કૂલ પાસે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી પાઈપલાઈનમાંથી થતો ગેસ લીકેજ અટકાવી આગ પર કાબુ મેળવાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર.ગુજરાત ગેસ લિમિટેડ જામનગર દ્વારા જિલ્લા કલેકટર કેતન ઠક્કરના માર્ગદર્શન તથા જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી ઠેબા ચોકડી પાસે આવેલ રાધિકા સ્કૂલ નજીક ગેસ લીકેજ તથા આગની દુર્ઘટનાને પહોંચી વળવા મોકડ્રિલનું આયોજન કરાયું હતું.આયોજિત સમયની અગાઉથી કોઈને પણ જાણ કર્યા વિના યોજાયેલ સમગ્ર મોકડ્રીલની વિગતો જોઈએ તો શહેરની રાધિકા સ્કૂલ પાસે કોઈ અજાણ્યા વાહન દ્વારા ખોદકામ કરતી વખતે ગેસની પાઈપલાઈનમાં ભંગાણ થતા ખામી સર્જાઈ હતી અને જેનાં કારણે ગેસ નીકળવા લાગેલ. તેમજ થોડીવાર પછી તેમાંથી આગ લાગવાનો બનાવ બનેલ.જે અન્વયે ગુજરાત ગેસ લી. દ્વારા ત્વરીત કામગીરી હાથ ધરાઈ પરંતુ આગ કાબુમાં ન આવતા ડિસ્ટ્રીકટ ડિઝાસ્ટર કન્ટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી







## જામનગર દ્વારા ગેસ લીકેજ તથા આગની દુર્ઘટનાને પહોંચી વળવા મોકડ્રિલનું આયોજન

હતી. બનાવની ગંભીરતા ધ્યાને લઈ તાત્કાલિક કન્ટ્રોલ રૂમ દ્વારા પોલીસ વિભાગ, ફાયર સ્ટેશન, ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી, ૧૦૮ એમ્બ્યુલન્સ, મ્યુચ્યુઅલ એઈડ સ્કીમ ખઅજ ના કન્ટ્રોલ રૂમમાં જાણ કરાઈ હતી. સંદેશ મળતાની સાથે જ સંબધિત તમામ વિભાગો આધુનિક વાહનો તથા ઉપકરણો સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી આગ પર કાબુ મેળવ્યો હતો.તેમજ પાઈપલાઈનમાંથી થતો ગેસ લીકેજ અટકાવ્યો હતો.કામગીરી પુર્ણ થતા જ આ સમગ્ર પ્રક્રિયાને મોકડ્રીલ જાહેર કરાઈ હતી.આ સમગ્ર મોકડ્રીલ દરમિયાન શહેર મામલતદાર, ઊખછ્છઈ ટીમના પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર, ફાયર સ્ટેશન ઓફિસર, પોલિસ ઈન્સપેક્ટર, ફેક્ટ્રી ઈન્સ્પેકટરશ્રી અને ખઅજ ના સભ્યો હાજર રહેલ. અને તમામ સંબધિત વિભાગો દ્વારા ત્વરિત અને અસરકારક કામગીરી કરવામાં આવેલ. મોકડ્રીલ પૂર્ણ થયા બાદ નિરીક્ષકોના ધ્યાનમાં આવેલ ત્રુટીઓ વિશે સૌને માહિતી આપવામાં આવી તેમજ તે અંગે જરૂરી માર્ગદર્શન પુરૂ પાડી મોકડ્રીલને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

# ગણપતનગર પાસે સોનાના ચેઈનની ચીલઝડપ કરનાર ત્રિપુટી ઝડપાઈ






**જામનગર શહેરમાં ચાલુ મોટર સાયકલ ઉપરથી યુવાનના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપનો ભેદ પોલીસે ઉકેલી નાંખીને ૩ શખસોને ઝડપી લીધા છે અને તેના કબજામાંથી ચોનાનો ચેન તેમજ બાઈક મળીને રૂ.૧.૩૫ લાખનો મુદામાલ કબજે કર્યો છે. શહેરના હનુમાન ટેકરી વિસ્તારમાંર હેતા દિનેશભાઈ ખનાભાઈ પરમાર (ઉ.વ.૪૪) નામના યુવાન ગત તા.૨૭ના ગણપતનગર પાસેથી મોટર સાયકલ લઈને જતા હોય અને સ્પીડ બ્રેકરના કારણે બાઈક ધીમું પાડતા પાછળ ત્રિપલ સવારી સ્કુટરમાં આવતા ત્રણ શખસો પૈકીના પાછળ બેઠેલા શખસે યુવાનના ગળામાંથી સોનાના ચેનની ચીલઝડપ કરીને નાશી છુટ્યા હતાં.જે અંગેની તપાસ દરમ્યાન પોલીસ મહાવીરસિંહ જાડેજા, વનરાજભાઈ ખવડ અને જગદીશસિંહ જાડેજાને બાતમી મળી હતી કે, સીસી ટીવી ફુટેજ મારફતે બાતમી મળી હતી કે, ચીલઝડપમાં સંડોવાયેલા શખસો આંબેડકર બ્રીજ નીચે આવેલ વિસ્તારમાં આટાફેરા કરે છે. જેથી પીઆઈ એન.એ.ચાવડાની સુચનાથી સ્ટાફે વોચ ગોઠવીને બાઈક સમડી ગોરસ અમરસીંગ ધાધલ,રાજકુમાર અશોકભાઈ કોળી, અને ધરમપાલ કીશોરભાઈ વઢીયારને ઝડપી લીધા હતાં. તેના કબજામાંથી ચીલઝડપ કરેલ સોનાનો ચેઈન રૂ.૯૫,૫૦૦ તેમજ ગુનામાં ઉપયોગ કરેલ સ્કુટર રૂ.૪૦ હજારનું મળીને કુલ રૂ.૧.૩૫,૫૦૦નો મુદામાલ કબજે કર્યો છે.**

# બ્રેઈન ડેડ થયેલા પતિના અંગદાનના નિર્ણય થકી પત્નીએ સમાજમાં ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું

## જામનગરની જી.જી.હોસ્પીટલમાં સારવાર દરમિયાન બ્રેઈન ડેડ થયેલા યુવકના લીવર, બે કિડની અને બન્ને ચક્ષુના દાન થકી પાંચ લોકોને મળશે નવજીવન

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં મૂળ બિહારના ૪૦ વર્ષીય યુવક ઉમેશ શાહ અકસ્માતનો ભોગ બનતાં તેઓને સારવાર અર્થે જામનગરની ગુરુ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેઓ બ્રેઈન ડેડ જાહેર થતા તેમના પત્નીએ પોતાના પતિનું અંગદાન કરવાનો હૃદયસ્પર્શી નિર્ણય લીધો હતો. તેમના નિર્ણય બાદ જી.જી.હોસ્પીટલના ડોક્ટરોએ યુવકનું ઓપરેશન કરી લીવર, બે કીડની અમદાવાદની હોસ્પીટલની ટીમને સોંપ્યા હતા. અને અને બન્ને ચક્ષુનો ઉપયોગ જી.જી. હોસ્પિટલમાં જરૂરિયાતમંદ વ્યક્તિ માટે થશે. આમ પાંચ જરૂરિયાતમંદોને નવજીવન મળશે. યુવકના પત્નીએ અન્ય લોકોને પણ અંગદાનની ઝૂંબેશમાં જોડાવા અપીલ કરી હતી. જામનગરની જી.જી.હોસ્પીટલના તબીબી અધિક્ષક ડો.દીપક તિવારીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, મૂળ બિહારના





યુવકનો જામનગરમાં અકસ્માત થતાં તેઓની ૧૦ દિવસથી જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી હતી. પરંતુ છેલ્લા ત્રણ દિવસથી યુવકની તબિયત બગડી ગઈ હતી અને બ્રેઈન ડેડ હતા. તેમના પરિવારને આ અંગે જાણ કરવામાં આવતાં યુવકના પત્નીએ પોતાના પતિનું અંગદાન કરવાનો નિર્ણય લીધો હતો. આથી જીલ્લા કલેક્ટર કેતન ઠક્કર અને જીલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ સહિત તંત્રના સહયોગથી આ કામગીરી કરવામાં આવી હતી. અને યુવકનું લીવર, બે કીડની અમદાવાદની હોસ્પિટલથી આવેલા ડોક્ટરોની ટીમને સોપવામાં આવ્યા હતા. અને અને બંને ચક્ષુનો ઉપયોગ અત્રેની હોસ્પિટલમાં થશે. આ અંગદાનથી બીજા પાંચ જરૂરિયાતમંદોને મદદ થશે.સમગ્ર કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં સહભાગી થનાર ડોક્ટરોની ટીમ, જેમાં એનેસ્થેસિયા વિભાગના ડોક્ટર નીતાબેન પટેલ, વંદનાબેન ત્રિવેદી, ન્યુરોસર્જન ડો.ભૌમિકભાઈ તથા સ્ટાફનો તબીબી અધિક્ષકે આભાર વ્યક્ત કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા વેગવંતી બનાવવા અને સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરવા વર્ષ - ૨૦૧૯માં SOTTO સ્ટેટ ઓર્ગન ટીસ્યુ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગનાઈઝેશન.ની રચના કરવામાં આવી છે. જેના દ્વારા અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવામાં આવી છે.

# લાલપુર ફાટક પાસેથી બે કારમાંથી ૭૦૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝબ્બે




## ૨ કાર સહિત રૂા.૭.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો

**લાલપુર નજીકના બાલવા ગામ રોડ પાસેથી પોલીસે બાતમીના આધારે સ્કોર્પિયો તેમજ એસેન્ટ ગાડીમાં જઈ રહેલા ૭૦૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને પકડી પાડી રૂા.૭.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. લાલપુર તાલુકાના બાલવા રોડ ગાંધેશ્વર ફાટક પાસે કારમાં દારૂની હેરફેર થતી હોવાની બાતમી પોલીસને મળતા તેમણે વોચ ગોઠવી ફાટક પાસેથી ભોજાભાઈ લાખાભાઈ હુણ તથા એક અજાણ્યો ઈસમે એસન્ટ ફોર વ્હીલ જીજે-૧૦-એસી ૫૦૮૧ અને સ્કોર્પિયો જીજે-૨૫-એ ૮૪૧૮ને રોકીને તપાસણી કરતા બંનેમાંથી આશરે ૭૦૦ લીટર દેશી દારૂ રૂા.૧ લાખ ૪૦ હજારની કિંમતનો મળી આવતા દારૂ તથા બંને કાર મળી રૂા.૭.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ભોજા લાખા હુણ (રહે. મેલાણ ગામ) તથા સ્કોર્પિયોના ચાલક સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.**

# જામનગરમાં સિંધી સમાજ દ્વારા જય ઝુલેલાલના નાદ સાથે ચેટીચાંદની ભવ્ય ઉજવણી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં સિંધી સમુદાય દ્વારા ભગવાન ઝુલેલાલના ૧૦૭૫ માં જન્મોત્સવ ચેટીચાંદ મહોત્સવની ભવ્ય ઉજવણી યોજાઈ હતી. જેમાં સમુહ યજ્ઞોપવિત, બાઈક રેલી અને શોભાયાત્રા સહિતના ધાર્મિક કાર્યક્રમો પોજાયા હતા.જામનગરમાં તીનબત્તી ચોક ખાતે આવેલ ઝુલેલાલ મંદિર ચેટીચાંદની તથા સિંધી સમાજના નવા વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી, આ માટે એક માસ પૂર્વે સામાજીક બેઠક બાદ એક સપ્તાહ પહેલા સિંધી સમાજના હોદ્દેદારો અને સભ્યો દ્વારા ભગવાન ઝુલેલાલના ૧૦૭૫ માં જન્મોત્સવ નિમિતે તીનબત્તી ઝુલેલાલના મંદિર ખાતે પ્રભાતે મંગલા મહાઆરતી, ત્યારબાદ સરસ્વતી યુવા મિત્ર મંડળ દ્વારા સમસ્ત સિંધી સમાજ ની એકતા સાથે વિશાળ બાઈક રેલી ત્યારબાદ, બટુકોને યજ્ઞોપવિત ધારણ કરવામાં આવી હતી, ભંડારાપ્રસાદ જે બાદ સિંધી સમાજ ની પંરપરાગત સિંધી સમાજ ની જુદા જુદા ફ્લોટ્સ અને સિંધી વેશભૂષા સાથે વાગ્યે શોભાયાત્રા કાઢવામાં આવી. જે શોભાયાત્રા નગરભ્રમણ કરી ઝુલેલાલ મંદિર ખાતે પૂર્ણ થઈ હતી. સમગ્ર શોભાયાત્રા દરમિયાન પ્રસાદી ના સ્ટોલો ઊભા કરાયા હતા પ્રસાદી વિતરણ થઈ હતી.તીનબત્તી ઝુલેલાલ મંદિર ખાતે સમૂહ જ્ઞાતિ ભોજના ના મહાભંડારા પ્રસાદ ની વ્યવસ્થા કરી હતી ત્યારબાદ ઝુલેલાલ ભગવાનને કેક સેરેમની યોજીને ભગવાનને કેક ધરવામાં આવી હતી અને ત્યારબાદ પ્રસાદીરૂપે વિતરણ કરવામાં આવ્યું હતું.સિંધી સમાજ ની વિશાળ બાઈક રેલી ને સિંધી સમાજના ચેરમેન અને પૂર્વ મંત્રી પરમાણંદભાઈ ખટ્ટર અને સિંધી સમાજ ના પ્રમુખ ઘનશ્યામદાસ ગંગાવાણી દ્વારા આયોલાલ ઝુલેલાલ ના નારા સાથે લીલી ઝંડી આપવામાં આવી હતી, આ રેલી સાધનાકોલોની ઝુલેલાલ મંદિરેથી પ્રસ્થાન થઈ શહેરના રાજમાર્ગો પર ફરી નાનકપુરી ખાતે આવેલ ઝુલેલાલ મંદિરે વિરામ





પામી હતી. જે રેલી માં જામનગર સિંધી સમાજ ના ભાઈઓ બહેનો યુવાનો વડીલો નો ભવ્ય જનસૈલાબ ભારે ઉત્સાહ સાથે જોડાયો હતો.ચેટીચાંદની ભવ્ય ઉજવણી માં જામનગર જીલ્લાના નવનિયુક્ત અધ્યક્ષ વિનોદભાઈ ભંડેરી, શહેર ભાજપના નવનિયુક્ત અધ્યક્ષા બીનાબેન કોઠારી , પૂર્વ શહેર અધ્યક્ષ વિમલભાઈ કગથરા, હસમુખભાઈ હિંડોચા, જામનગર મનપા ના પદાધિકારીઓ મેયર વિનોદભાઈ ખીમસૂરીયા સહિત ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, રિવાબા જાડેજા ,સાંસદ પુનમબેન માડમ સહિત રાજકીય અને સામાજિક હોદેદારો આગેવાનો જોડાયા હતા ઝુલેલાલ નામરૂપી સિંધીટોપી પહેરી સિંધી અંદાજ માં જેકો ચવંધો ઝુલેલાલ તેનજા થીંધા બેડાપર સાથે ઝૂમ્યા હતા.

આ સમગ્ર ચેરીચાંદ મહોત્સવમાં સિંધી સમાજના ચેરમેન અને પૂર્વ મંત્રી પરમાણંદભાઈ ખટ્ટર, પ્રમુખ ઘનશ્યામદાસ, શિક્ષણ સમિતિના ચેરમેન પરસોત્તમભાઈ કકનાણી, જામનગર દક્ષિણ ૭૯ વિધાનસભાના ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જામનગર ઉતર ૭૮ વિધાનસભાના ધારાસભ્ય રિવાબા જાડેજા, નગરસેવિકા બબીતાબેન લાલવાણી, લીલાવંતીબેન ભદ્રા, પ્રમુખ ઘનશ્યાદાસ ગંગવાણી સહિતના હોદ્દેદારો અને કારોબારી સભ્યો ની ટીમ દ્વારા સમગ્ર મહોત્સવ ના આયોજન ની જહેમત ઉઠાવી ઉજવણી કરાઈ હતી. સમગ્ર સિંધી સમાજ દ્વારા એકબીજાને સિંધી નુતનવર્ષની તેમજ ચેટીચાંદની શુભેચ્છાઓ પાઠવી હતી

# મોરબીમાં ડો.આંબેડકર સરકારી કુમાર છાત્રાલય ખાતે સામાજિક સમરસતા શિબિર યોજાઈ

**મુખ્ય સમાચાર,મોરબી**

ડો.આંબેડકર સરકારી કુમાર છાત્રાલય ખાતે ૨૭ માર્ચ, ૨૦૨૫ના રોજ જીલ્લા કક્ષાની સામાજિક સમરસતા શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારેધી, ઉપપ્રમુખ હીરાભાઈ ટમારીયા, અન્ય પદાધિકારીઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજ વચ્ચેના ભેદભાવ દૂર કરી ભાઈચારો અને એકતા જાળવવા, દરેક વ્યકિત સન્માન અને ગૌરવપૂર્ણ જીવન જીવી શકે તે માટે ખરા અર્થમાં સામાજિક સમરસતા સ્થાપિત કરવાની અપેક્ષા સાથે સંદેશ આપવામાં આવ્યો હતો.

મોરબીમાં ગઈ તા.૨૭ માર્ચના રોજ ડો.આંબેડકર સરકારી કુમાર છાત્રાલયમાં જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધીના અધ્યક્ષસ્થાને જીલ્લા કક્ષાની સામાજિક સમરસતા શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ હીરાભાઈ ટમારીયા, જીલ્લા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન



કમળાબેન ચાવડા, તાલુકા પંચાયતના પ્રમુખ અશોકભાઈ દેસાઈ, સુખાભાઈ ડાંગર, વિવિધ સમાજના સામાજિક આગેવાનો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં સમાજ-સમાજ વચ્ચેના ઊંચ-નીચના ભેદભાવો ભૂલી એક થવા, એકતા અને સંપ જાળવવા, દરેક સમાજ વચ્ચે ભાઈચારો જળવાઈ રહે તથા દેશનો દરેક વ્યક્તિ સન્માન અને ગૌરવપૂર્વક જીવન જીવી શકે તે માટે ખરા અર્થમાં સામાજિક સમરસતા સ્થાપિત કરવા જીલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખ અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આહવાન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સરકારના વિવિધ વિભાગની કચેરીઓના અધિકારીઓ દ્વારા તેઓની કચેરી દ્વારા અમલીત વિવિધ લોક કલ્યાણકારી યોજનાઓની માહિતી રજુ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન એ.એમ.છાસિયા નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી મોરબી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધ્રોલના વાંકીયા ગામમાં બે ખેડૂતોને ત્યાં થયેલ જીરુંની ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર ધ્રોલ તાલુકાના વાંકીયા ગામમાં રહેતા એક ખેડૂતના મકાનના ફળિયામાંથી કોઈ તસ્કરો ૧૬ ગુણી જીરુંની ચોરી કરી ગયાના બનાવ બાદ વાંકીયા ગામમાં જ વધુ એક ગોડાઉનને તસ્કરોએ નિશાન બનાવી લઈ અંદરથી રૂપિયા અડધા લાખની કિંમતનું ૧૬ મણ જીરું ચોરી કરી ગયાની ફરિયાદ ધ્રોળ પોલીસ મથકમાં નોંધાવાઈ હતી. જે બંને ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે, અને ધ્રોળ પોલીસે રાજકોટ અને ગોંડલના ચાર તસ્કરોની અટકાયત કરી લઈ બે કાર, તથા રોકડ રકમ સહિત ૧૧.૨૬ લાખની માલમતા કબજે કરી છે.ધ્રોલ તાલુકાના વાંકીયા ગામમાં એક ખેડૂતના મકાનના ફળિયામાંથી તાજેતરમાં રૂપિયા ૧,૬૮,૦૦૦ની કિંમતની ૧૬ ગુણી જીરુંની ચોરી થઈ હતી. ત્યારબાદ વાંકિયા ગામમાં જ વધુ એક ગોદામમાંથી ૫ ગુણી જીરુંની ચોરી થયાની ફરિયાદ થઈ હતી.ઉપરોક્ત બંને ચોરી અંગે ધ્રોલ પોલીસે જુદા જુદા સીસીટીવી કેમેરાઓ તેમજ હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે, અને અગાઉ ચોરીમાં પકડાઈ ચૂકેલા રીઢા તસ્કર રાજકોટમાં ભગવતી પરામાં રહેતા વિજય ઉર્ફે બેડિયો મુકેશભાઈ સોલંકી તેમજ રાજકોટમાં ગુલાબ નગર શેરી નંબર ૨૧ માં રહેતા રાકેશ ઉર્ફે રાહુલ મુકેશભાઈ સોલંકી ઉપરાંત ગોંડલમાં રહેલા સુનીલ ભીખુભાઈ પરમાર અને રાજકોટના રૂખડીયાપરામાં રહેતા સંજય ઉર્ફે મુકેશ ઝીણાભાઈ સોલંકીની અટકાયત કરી લીધી હતી.ઉપરોક્ત ચારેય તસ્કરોએ ધ્રોળના વાકિયા ગામમાં ખેડૂતના તૈયાર કરીને રખાયેલા જીરુંના જથ્થાને અલગ-અલગ બે કારમાં ચોરી કરી લઈ ગયા હોવાનું અને તેનું બારોબાર વેચાણ કરી નાખ્યાનું ધ્યાનમાં આવ્યું હતું. પોલીસે ચારે આરોપીઓ પાસેથી જીજે ૧૧ સી.૮૩૧૫ નંબરની રૂપિયા પાંચ લાખની કિંમતની સ્વીફ્ટ કાર, ઉપરાંત જી.જે.૩ એન.કે.૩૨૩૯ નંબરની રૂપિયા પાંચ લાખની કિંમતની બલેનો કાર, ત્રણ નંગ મોબાઈલ પણ ઉપરાંત જીરુંના બંને ચોરીના વેચાણ થકી મેળવેલી રૂપિયા ૧,૨૦,૦૦૦ ની રોકડ રકમ સહિત કુલ ૧૧.૨૬ લાખની



માલમતા કબજે કરી લીધી છે. ઉપરોક્ત બન્ને ચોરીમાં પાંચમાં આરોપી રાજકોટમાં રહેતારોનક રાજેશભાઈ ભટ્ટ પણ સંડોવાયેલો છે, અને હાલ પોતે ભાગી છૂટ્યો છે, જેથી પોલીસે તેને ફરાર જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.જામનગર જિલ્લાના ધ્રોલ પોલીસે વાંકિયા ગામમાંથી જીરુંના બે ખેડૂતના મકાન તેમજ ગોદામમાંથી જીરુંની ચોરી કરી જવા અંગે ચાર આરોપીઓને પકડ્યા હતા, જે પૈકી વિજય મુકેશભાઈ સોલંકી કે જેની સામે ગોંડલ, જેતપુર અને રાજકોટમાં અલગ અલગ ૬-ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, અને અગાઉ જીરું સહિતના માલ સામાનની ચોરીમાં તેની અટકાયત થઈ ચૂકી છે.

તે જ રીતે બીજા આરોપી રાકેશ ઉર્ફે રાહુલ મુકેશભાઈ સોલંકી કે જેની સામે પણ ગોંડલ જેતપુર જુનાગઢ રાજકોટ અને જામનગરમાં અલગ અલગ સાત જેટલા ચોરીના ગુના દાખલ થઈ ચૂક્યા છે, અને તેમાં તેની સંડોવણી સામે આવી છે. હાલ પોલીસ દ્વારા ચારેય આરોપીઓની વધુ પૂછપરછ ચલાવાઈ રહી છે.

# અન્ય સ્ત્રી સાથે આડા સબંધો અને માનસીક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકવાના ગુન્હામાં પતિ તથા ૭૫ વર્ષના દાદી-સાસુનો નિર્દોષ છુટકારો

## ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ આ અંગે ફરીયાદ નોંધાવેલ હતી

**મુખ્ય સમાચાર,ઉપલેટા**
**વિજય રાડીયા**

માત્ર એક થી સવા માસ જેટલા ચાલેલ લગ્નજીવનમાં પતિને અન્ય સ્ત્રી સાથે આડા સબંધો હોવાના આક્ષેપો કરી પતિ તથા વૃધ્ધ દાદી-સાસુએ માનસીક અને શારીરીક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકવાની ઉપલેટા પોલીસ સ્ટેશનમાં પરિણીતાએ ફરીયાદ નોંધાવેલ હતી.

ઉપલેટના કોલકી ગામની મુળ રહેવાસી પરિણીતાએ મુળ ઘણફુલીયા (જુનાગઢ) ના રહેવાસી તથા હાલ રાજકોટ રહેવાસી સાવન છગનભાઈ કરડાણી સાથે સને ૨૦૨૨ માં લગ્ન કરેલ હતાં. પતિ ના માતા-પિતા ન હોય જેથી તેમના વૃધ્ધ દાદી શાંતાબેન પ્રભુદાસ કરડાણી સાથે રાજકોટ મુકામે એકલાં રહેતાં હતાં. માત્ર એક થી સવા મહિનો ચાલેલ લગ્નજીવનમાં પરિણીતાએ તેમના પતિને અન્ય સ્ત્રી સાથે આડા સબંધો હોવાની તથા પતિ અને વયોવૃધ્ધ દાદી-સાસુ શારીરીક અને માનસીક ત્રાસ આપતાં હોવાની અને ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલ હોવાની સને ૨૦૨૪ માં ઉપલેટા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવેલ હતી.

પોલીસ દ્વારા કેસની તપાસ કરી પતિ તથા વૃધ્ધ દાદી-સાસુ વિરૂધ્ધ ઉપલેટા કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ. સદરહું કેસની ઉપલેટા કોર્ટમાં લંબાણ પુર્વક ટ્રાયલ ચાલેલ.



જેમાં ફરીયાદી તેમજ સાક્ષીઓની લંબાણ પુર્વકની જુબાનીઓ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ. આરોપી-સાસરીયાઓના વકીલ દ્વારા પરિણીતાની ઉલટતપાસ દરમ્યાન ખુબજ મોટો વિરોધાભાસ સામે લાવેલ તેમજ પરિણીતાની ફરીયાદનું ખંડન કરવામાં આવેલ. ઉપલેટા કોર્ટના માનનીય જજ સાહેબ દ્વારા ખુબજ ઝીણવટ પુર્વક કેસની તપાસ કરી, આરોપીના વકીલની દલીલો તથા વડી અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લઈ કોર્ટે આરોપી પતિ તથા અંદાજીત ૭૫ વર્ષના વૃધ્ધ દાદી-સાસુને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. હાલના કામે સાસરીયાઓ તરફે રાજકોટના યુવા એડવોકેટ ડેનીષ એ. સીણોજીયા રોકાયેલ હતાં જેમની સાથે ઉપલેટ સ્થિત એડવોકેટ વિરલ એસ. કાલાવડીયા, નીરવ શુકલ તથા ગૌરવ જોષીએ ખુબજ મહત્વની ભુમીકા ભજવેલ વધુમાં એડવોકેટ ડેનિશ સીણોજીયા દ્વારા જણાવવામાં આવે.

# ગુજરાતમાં ઉનાળામાં પીવાના પાણીની સમસ્યા નહીં થાય

## ડેમોમાં ૫૦થી ૫૫ ટકા જેટલું પાણી, નવા ડેમ બનાવવા સરકારી ખરાબો નથીઃ કુવારજીભાઇ બાવળિયા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત રાજ્યમાં ઉનાળામાં પીવાના પાણી માટે લોકોને સમસ્યા નહીં થાય એવી વાત આજે રાજ્યના કેબિનેટ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ આજે રાજકોટમાં કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે, પીવાના પાણી માટે રાજ્ય સરકારે વ્યવસ્થા ગોઠવી છે. રાજ્યના ડેમોમાં ૫૦થી ૫૫ ટકા જેટલું પાણી છે. રાજકોટના બંને ડેમોમાં ૯૦થી ૯૫ ટકા પાણી ભરેલું છે. રાજકોટના આજી-૧ અને ન્યારી ડેમમાં ૯૫% પાણી ભરાયેલા છે. ભયજનક કેનાલ રિપેર કરવામાં આવશે.

ઉનાળામાં રાજ્યમાં પાણીની સમસ્યા નહીં રહે. રાજ્યમાં મોટાભાગના ડેમોમાં ૫૦% જેટલું પાણી એવરેજ છે. પાણી વિતરણ બંધ હશે ત્યારે પણ વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ છે. જે ડેમો ખાલી છે, તેમાંથી કાપ કાઢવાની સૂચના ૨ દિવસમાં અપાશે. જે ખેડૂતોને કાપ લઈ જવા માંગતા હોય તે સ્વખર્ચે લઈ જઈ શકશે. સુજલામ સુફલામ જલ અભિયાન, કેચ ધ રેનની વ્યવસ્થા કરાશે.

**પીવાના માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા થશે**

રાજકોટની આજુબાજુ ડેમ બનાવી શકાય તેટલી મોટી જગ્યા સરકારી ખરાબાની નથી. રાજકોટની આજુબાજુ કોઈ મોટો ડેમ બનાવી શકાય એવી જગ્યા નથી. જ્યાં જગ્યા મળશે ત્યાં નાનો ડેમ બનાવવા માટે પ્રયાસ કરી રહ્યા છીએ. ખેતરનું પાણી ખેતરમાં જ રહે તે માટેની યોજનામાં ખાસ ધ્યાન અપાશે. જે કેનાલો ડેમેજ છે તે નર્મદાની કેનાલો બંધ રહેશે, જેની વૈકલ્પિક વ્યવસ્થા કરાશે. પીવાના માટે પણ વૈકલ્પિક વ્યવસ્થા થશે. સૌરાષ્ટ્રવાસીઓને પીવાના પાણીની ચિંતા કરવાની નથી.

રાજકોટને ૧ એપ્રિલથી સૌની યોજના મારફત મળતું નર્મદાનું પાણી બંધ કરીને કેનાલ રીપેરીંગનું આયોજન સરકારે કરેલું છે પરંતુ, ન માત્ર રાજકોટ પણ સમગ્ર સૌરાષ્ટ્રમાં પાણીનો ગંભીર પ્રશ્ન ઉભો થાય તેમ હોય. હાલ સરકારે કરેલી પુખ્ત વિચારણા અને મહાનગરપાલિકા પદાધિકારીઓએ કરેલી રજૂઆત ધ્યાને લઇ રાજકોટને પાણીમાં કોઇ ખોટ નહીં પડે અને કોઇ અવરોધ પણ નહીં આવે એવું સરકારે જાહેર કર્યુ છે.

**રાજકોટને ૧૩૫ ખકઉ પાણી બંધ ન થાય તે રીતે કામ કરાશે**

તાજેતરમાં રાજકોટ આવેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પાણીની ચિંતા ન કરવા કહી ગયા હતા. આ બાદ આજે પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતુ કે, સરકારે કેનાલ રીપેરીંગના કામનું આયોજન કર્યુ છે પરંતુ, રાજકોટને ૧૩૫ ખકઉ પાણી બંધ ન થાય તે રીતે કામ કરાશે. પાઈપલાઈનનો એક ભાગ ઉમેરીને પણ રાજકોટને પાણીની ઘટ ન પડે એવું આયોજન કર્યુ છે. આ રીતે રીપેરીંગ પણ થાય અને પાણીની મુશ્કેલી પણ ન થાય તે સહિતના વિકલ્પો તૈયાર કરવામાં આવ્યા છે. આ વર્ષે કેનાલ રીપેરીંગ પાછળ લઇ જવામાં આવે અને રાબેતા મુજબ પાણી મળતું રહે એવા સંદેશા સરકારમાંથી તંત્રવાહકોને મળ્યા છે. આથી ૧૩૫ ખકઉ પાણીનો જે ખાડો પડવાનો હતો તે નહીં પડે એવું સમજવામાં આવે છે.

રાજકોટ મહાનગર માટે ૧૩૫ ખકઉ પીવાના પાણીની ઘટ પડે તો ઉનાળામાં દૈનિક ૨૦ મિનિટના વિતરણ પર અસર પડે એવી ભીંતિથી પૂરો માર્ચ મહિનો મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓ ગાંધીનગર સુધી દોડાદોડી કરતા રહ્યા હતા.

**પાઈપલાઈન અને સૌની યોજના મારફતનું પાણી ચાલુ રહેશે**

સરકારે ચાલુ મહિનામાં જ આજી અને ન્યારી ડેમમાં પૂરતો જળજથ્થો ઠલવી દીધો હતો. પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાથી માંડી તાજેતરમાં રાજકોટ આવેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ રાજકોટને પાણીની કોઈ ચિંતા કરવી નહીં પડે એવું કહી ચૂકયા હતા. ૧ એપ્રિલથી સૌની યોજનાનું પાણી બંધ થશે એવો કોઇ અંતિમ સંદેશો આજે બપોર સુધી મહાનગરપાલિકાને મળ્યો નથી. આથી, આવતીકાલથી પાણી વિતરણમાં કોઇ વિક્ષેપ થાય એવું લાગતું નથી. પાઇપલાઇન અને સૌની યોજના મારફતનું પાણી ચાલુ રહેશે. હજુ જરૂર પડે તો સરકાર આપશે.

ઉનાળામાં રાજકોટને પાણીની કોઇ તકલીફ નહીં પડે. સરકારે તમામ વિકલ્પો વિચારી રાખ્યા છે. વળી ચાલુ વર્ષ મહાપાલિકાની ચૂંટણીનું પણ હોય, સરકાર આવશ્યક કામ પણ ખુબ તકેદારીથી કરશે. રોજ ૨૦ મિનિટ પાણી વિતરણ માટે આજી-ન્યારીમાંથી ૧૩૦, ભાદરમાંથી ૩૫, પાઈપલાઈનમાંથી ૧૩૫ એમએલડી પાણી મળતું રહેશે.

# રાણા સાંગા સામેની ટિપ્પણીને લઈ ક્ષત્રિયોમાં રોષ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

## સમાજનું અપમાન કરનારા સામે સજાનો કાયદો ઘડવા માગઃ કલેકટરને આવેદન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેકટરને આપેલા આવેદનમાં રાજકોટ રાજપૂત કરણી સેનાએ જણાવ્યું હતું કે, ગત તા.૨૧ માર્ચ, ૨૦૨૫ના રોજ ભારત દેશની રાજ્યસભામાં સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ તથા રાજયસભાના સાંસદ રામજીલાલ સુમન દ્વારા ક્ષત્રિય વીરશિરોમણી રાણા સાંગા વિશે અભદ્ર ભાષામાં ટિપ્પણી કરેલ છે તે દુઃખદાયક છે. સત્યથી વેગળી અને પાયાવિહોણી હોય તેમજ આ રાજ્યસભાના સાંસદ દ્વારા રાજ્યસભાની ગરીમાને લાંછન લગાડેલ છે, તેના કારણે રાષ્ટ્રવાદી દેશભકતો તથા નાગરીકોની લાગણીને ઠેસ પહોચી છે. જેથી અભદ્ર ટિપ્પણીને રાજકોટ રાજપૂત કરણીસેના વખોડી કાઢે છે. સરકાર દ્વારા સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ રામજીલાલ સુમન દ્વારા રાણા સાંગા વિશે કરેલ અભદ્ર ટિપ્પણી બાબતે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. આવા રાજકીય નેતાઓ દેશના નાગરિકો જ્યારે ભાઈચારાથી રહેતા હોય ત્યારે આવા સત્તા ભુખ્યા રાજકીય આગેવાનો દ્વારા અભદ્ર ટિપ્પણી કરીને સમાજો વચ્ચે વર્ગવિગ્રહ કરવાની કોશીશ કરી રહ્યાં છે. કેન્દ્ર સરકારએ આવા લોકો સામે કાર્યવાહી કરવી જોઈએ, જેથી ભવિષ્યમાં આવા રાજકીય આગેવાનો દ્વારા આવી અભદ્ર ટિપ્પણીઓ કરતા અટકાવી શકાય.

# દરેક વોર્ડ ઓફિસ ખાતે આજથી આધાર નોંધણી કેન્દ્ર સેવાની અમલવારી શરૂ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત માસ દરમ્યાન બજેટમાં જાહેર થયેલ યોજનાના સમયબધ્ધ અમલીકરણ બાબતે લગત અધિકારીઓ સાથે ચર્ચા કરી વિસ્તૃત માહિતી મેળવવામાં આવેલ, જેના અનુસંધાને દરેક વોર્ડ ઓફિસ ખાતે આધાર કેન્દ્ર સેવા સત્વરે અમલી બનાવવા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા જરૂરી સુચના આપવામાં આવી હતી.

સરકારના યુ.આઈ.ડી.એ.આઈ. દ્વારા નાગરિકોને નઆધારથ નોંધણીની સુવિધા દેશભરમાં અમલી બનેલ છે, જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ઉપક્રમો જેવા કે પોસ્ટ ઓફિસો, બેન્ક કચેરીઓ ખાતે આધાર નોંધણી કેન્દ્રો કાર્યરત છે. ઉક્ત તમામ સ્થળે ઘણી જ મર્યાદિત સંખ્યામાં ટોક્ન આપીને આધાર નોંધણીની સેવા આપવામાં આવતી હોઇ. મહાનગરપાલિકાની ત્રણેય ઝોન ઓફિસ ખાતે આધાર નોંધણી કેન્દ્રો કાર્યરત છે, ત્યાં ખાતે પણ લોકોનો ઘણો વધુ ધસારો રહેતો હોવાનુ ધ્યાને આવેલ. શહેરીજનોની સુખાકારીમાં વધારો કરવા માટેની દિશામાં પહેલ કરતા શહેરીજનોને લાંબી કતારમાંથી મુક્તિ મળે, પોતાના ઘરથી નજીકના સ્થળે પોતે આધાર નોંધણી કરાવી શકે, સમયની બચત થાય અને હાલાકી ઓછી થાય તેવા શુભ આશયથી તેમજ રાજકોટ શહેરની વધતી વસતિ અને વિસ્તારને ધ્યાને લઇ, લોકોની સુવિધા માટે વોર્ડવાઇઝ એક-એક આધાર નોંધણી કીટ ઉપલબ્ધ કરાવવાનું સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ વર્ષ ૨૦૨૫-૨૬ ના બજેટમાં વિશેષ જોગવાઈ કરવામાં આવેલ. મહાનગરપાલિકા દ્વારા તા.૧૧/૦૨/૨૦૨૫ના રોજ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર અંતર્ગત ૫વોર્ડ વાઇઝ આધાર કેન્દ્રોથ અંગેની જાહેરાત કરવામાં આવેલ, જેનુ ત્વરિત અમલીકરણ કરાવવા સંબંધિત અધિકારીઓને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા જરૂરી સુચનાઓ આપવામા આવેલ. જે મુજબ નવા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬થી એટલે કે, નવા નાણાકિય વર્ષની શરૂઆતથી જ આજરોજ તા.૦૧/૦૪/૨૦૨૫થી રાજકોટ શહેરના જેતે વિસ્તારમાં વસવાટ કરતા નાગરીકો નીચે દર્શાવ્યા મુજબની લાગુ પડતી નજીકની વોર્ડ ઓફિસ ખાતે આધાર નોંધણી કરાવી.

## રાજકોટના ડીસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ડીસીપી ક્રાઈમનો હવાલો સંભાળતા યુવાન જાંબાઝ પોલીસ ઓફિસર પાર્થ રાજસિંહ ગોહિલ નો આજે જન્મદિવસ છે શહેરમાં ગુનાખોરી ડામવામાં મહત્વનો ભાગ ભજવ નાર પાર્થરાજસિંહે છેલ્લા બે વર્ષમાં અનેક ગુનેગારોને જેલ ભેગા કરવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે સુરેન્દ્રનગરના વતની એવા પાર્થરાજ સિંહ ગોહિલના જન્મદિવસ નિમિત્તે આજે તેમના પર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે દેશના સૌથી મોટા સેનિટરી પેડ મેન્યુફેક્ચરિંગ યુનિટનો શુભારંભ

## મેન્સ્ટ્રુઅલ હાઈજીન અવેરનેસ કેમ્પ અંતર્ગત ૨,૫૧,૦૦૦ દીકરીઓને થશે નિઃશુલ્ક સેનિટરી પેડનું વિતરણ કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે આજે રાજકોટના બિલિયાળા ખાતેથી ૫મેન્સ્ટ્રુઅલ હાઈજીન અવેરનેસ કેમ્પથનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પાન હેલ્થ એન્ડ હાઈજીન પ્રા. લી.કંપની દ્વારા અંદાજે રૂ. ૯૧ લાખના ખર્ચે સમગ્ર રાજ્યના આદિવાસી વિસ્તાર તથા સરકારી શાળાઓની ૨,૫૧,૦૦૦ જેટલી દિકરીઓને સેનિટરી પેડનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

આ નવા યુનિટના ઉદઘાટન પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને આરોગ્ય ક્ષેત્રે ગ્લોબલ હબ બનાવવાનો નિર્ધાર કર્યો છે, ત્યારે આજે શરૂ થયેલ આ પ્લાન્ટ વડાપ્રધાનશ્રીના નિર્ધારને પૂર્ણ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

ભારત વૈશ્વિક સ્તરે વિકાસયાત્રામાં અગ્રેસર છે, ત્યારે વર્તમાનની જરૂરિયાતને અનુરૂપ ઉત્પાદનોનું નિર્માણ કરવું તે પ્રશંસનીય કદમ છે તેમ જણાવી મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનના માર્ગદર્શનમાં છેવાડાના ગામ અને સામાન્ય માનવી સુધી આરોગ્યની સેવાઓ સરળતાથી મળે તેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. વડાપ્રધાનના નેતૃત્વમા આપણે હોલીસ્ટીક હેલ્થ કેરની પ્રણાલિને આત્મસાત કરી છે. રાજ્ય આરોગ્યલક્ષી સેવાઓના ઉત્પાદનમાં પણ અગ્રેસર છે. સેનિટરી પેડ આરોગ્ય જાળવણીની દ્રષ્ટિએ આજના યુગની જરૂરિયાત છે ત્યારે આ પ્લાન્ટ તેમના આરોગ્યલક્ષી ઉત્પાદનોથી વડાપ્રધાનશ્રીના હેલ્થ અને વેલનેસમાં ભારતને અગ્રેસરતા તરફ લઈ જવાનો સંકલ્પ પૂરો કરશે.

વડાપ્રધાનએ મેક ઈન ઈન્ડિયા સાથે આત્મનિર્ભર ભારત નિર્માણની દિશા આપણને આપી છે, આજે ભારતમાં આટલું વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઉત્પાદકતા ધરાવતો પ્લાન્ટ અહીં સૌરાષ્ટ્રમાં સ્થાપિત થાય છે તે આ દિશામાં વધુ એક નક્કર કદમ છે. રોજ એક કરોડથી વધુ ડાયપર અને હાઈજીન પ્રોડક્ટનું ઉત્પાદન કરવાની ક્ષમતા સાથે આ પ્લાન્ટ રોજગારી સર્જન અને નિકાસ એકમ બનવાના લક્ષ્ય સાથે કામ કરી રહ્યો છે. મેન્યુફેક્ચરિંગ ઈકો સિસ્ટમની દ્રઢતાનું ઉત્તમ ઉદાહરણ તે પૂરું પાડે છે. લગભગ ૨૨૦૦ થી વધારે લોકોને રોજગારી સહિત ૫૦%થી વધારે મહિલાઓને રોજગારી આપીને આ યુનિટે મહિલા સશક્તિકરણનું પણ ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. પાન હેલ્થ કેર ગ્રુપે ટીમ વર્ક, ગુણવત્તાયુક્ત ઉત્પાદન, સ્વચ્છતા અભિયાન, સંસ્કૃતિનો સમન્વય અને માન મર્યાદા જેવા પંચકર્મોથી પોતાની ધરોહરને મજબૂત બનાવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી કાળ દરમિયાન તેમણે ખેડૂતોના વિકાસ માટે કપાસના મૂલ્યમાં વધારો કરી ૫ફેક્ટરી ટુ ફેશન એન્ડ ફોરેનથની ટેક્સટાઇલ પોલિસી ૨૦૧૨ અમલમાં મૂકી હતી. જેને વેગ આપવા નવી ટેકસટાઈલ પોલિસી-૨૦૨૪ સરકારે અમલી બનાવી છે. આ પોલીસી ટેક્સટાઈલ ઉદ્યોગોને વેગ આપવામાં સફળ રહી છે. રાજકોટ આસપાસના વિસ્તારોમાં ટેકનિકલ ટેક્સટાઈલની સુઘડ ઈકો-સિસ્ટમ ઊભી કરવામાં પણ આ પ્લાન્ટ મહત્વની ભૂમિકા ભજવશે. પ્રધાનમંત્રીએ વિકસિત ભારત - ૨૦૪૭ની સંકલ્પના માટે સ્વચ્છ ભારત પર વિશેષ ભાર મૂક્યો છે, સાથે જ મેદસ્વિતા અને ટી.બી.મુક્ત ભારત બનાવવાનું આહવાન કર્યું છે.સરકાર ટી.બી.ના દર્દીઓને નિઃશુલ્ક કીટ આપે છે. ત્યારે આ પ્લાન્ટ સ્વસ્થ અને સશક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી હતી. ગુજરાતમાં હેલ્થ અને હાઈજીન ક્ષેત્રે ભારતનું સૌથી મોટા યુનિટ શરૂ કરવા બદલ સાંસદ પરષોત્તમ રૂપાલાએ શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, આ યુનિટ નવી ટેકનોલોજીના ઉપયોગ થકી મેઈક ઈન ઈન્ડીયા અને મેઈક ફોર ગ્લોબલના વડાપ્રધાનના ધ્યેયને સાર્થક કરવા આગળ વધશે. ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જીન છે. હાલમાં સમગ્ર વિશ્વમાં ભારત હેલ્થ અને હાઈજીન ક્ષેત્રે ૨%ના યોગદાનથી લઈને આજે ૧૨% યોગદાને પહોંચ્યું છે. સાંસદશ્રીએ ભવિષ્યમાં યુવાનો વિવિધ ક્ષેત્રમાં આગળ આવે અને મહત્તમ પ્રગતિ કરીને વિશ્વમાં ગુજરાતનું નામ રોશન કરે તેવી અભ્યર્થના વ્યકત કરી હતી. મુલાકાતના પ્રારંભે મુખ્યમંત્રીશ્રીએ દેશના સૌથી મોટા સેનિટરી પેડ ઉત્પાદક એકમની તકતી અનાવરણ કરી મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં પાન હેલ્થ કેરના સી.ઈ.ઓ




ચિરાગભાઈ પાનએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ ઉપરાંત, મુખ્યમંત્રીના હસ્તે બી.ટી.સવાણી કિડની હોસ્પિટલને રૂ. ૧ કરોડનું તથા બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટને ૧ અન્નપૂર્ણા રથ અને વિવેકાનંદ યુથ કલબને ૫૧ મોબિલિટી ટ્રાયસિકલના અનુદાનના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજયના કૃષિ મંત્ર રાઘવજીભાઈ પટેલ, જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય સર્વ રમેશભાઈ ટીલાળા, દુર્લભજીભાઈ દેથરીયા, ગીતાબા જાડેજા, કાંતિભાઈ અમૃતીયા, પ્રકાશ વરમોરા, રેન્જ આઈ.જી અશોકકુમાર યાદવ, કલેકટર પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ, અલ્પેશભાઈ તથા સભ્યો અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ખાનગી બેંક સાથે ૨૮ શખ્સોએ કરી રૂપિયા ૪.૧૩ કરોડની છેતરપિંડી

## નવ મહિલા સહિત અનેક શહેરના કારખાને દારૂએ ખોટા ડોક્યુમેન્ટ રજૂ કરી લોન મેળવી પરત નહીં કરતા યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુરતમાં પાલનપુર જકાતનાકા રોડ પર રહેતાં ચંદ્રેશ મોટુમલ જોબનપુત્રા (ઉંવ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મીન્ટીફી ફીનસર્વ લીગલ મેનેજર તરીકે રાજકોટમાં શિતલ પાર્ક સ્પાયર-૨ ઓફીસ નં.૧૩૨૪ મી -ટીહી ફીનસર્વ ઓફીસ ધરાવી ધંધો કરે છે.

કંપનીમાં સેલ્સ મેનેજર તથા બ્રાંચ મેનેજર તથા થર્ડ પાર્ટી એજન્સીના કર્મચારીઓ ફરજ બજાવે છે. જ્યારે કોઈ પણ ગ્રાહક લોન લેવા અથવા સેલ્સ મેનેજર દ્વારા ગ્રાહક લાવવામાં આવે ત્યારે તેઓ દ્વારા તેના ડોક્યુમેન્ટની ચકાસણી કરી તેઓની ક્ષમતા મુજબની લોન મળવાપાત્ર હોય તો જરૂરી રેકર્ડ સાથે તથા કંપનીના નિયમોનુસાર વિગતનું ફોર્મ ભરી બ્રાંચ મેનેજર દ્વારા ફોર્મ સંબંધે રાખેલ રેકર્ડની ચકાસણી કરી તેમાં કંપનીના નિયમોનુસાર વિગતો ભરી વડે પાર્ટી ઈન્સ્પેકશન માટે એગ્રીમેન્ટ કરેલ ફોર્માલીક એન્જીનિયર કંપનીના કર્મચારી દ્વારા સ્થળ ઉપર ભૌતિક ચકાસણી કરી, તેમજ રજુ કરેલ રેકર્ડની ખરાઈ કરી, પરત રીપોર્ટ બ્રાંચ મેનેજરને સોંપવામાં આવે છે.

બાદ બ્રાંચ મેનેજર દ્વારા કંપનીને રીપોર્ટ કરી ગ્રાહકને લોન આપ્યા બાદ પણ બ્રાન્ચ મેનેજર તરીકે સમયાંતરે લોન ધારકોના રજૂ કરેલ મોરગેજ પ્રોપર્ટી તથા મશીનરીની ભૌતિક ચકાસણી પણ કરવાની રહે છે. કંપનીમાં અમીત ઘનશ્યામ પરેજીયા કે જેઓ થર્ડ પાર્ટી ઈન્સ્પેકસન માટે કંપનીએ એગ્રીમેન્ટ કરેલ ફોર્મલીક એન્જીનીયરના કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા. તેમજ હીતેન્દ્રસિંહ સુખદેવસિંહ ઝાલા રાજકોટ કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે તેમજ આકાશ દીલેશ વ્યાસ કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતા હતા.

ગઈ તા. ૩૦/૦૯/૨૦૨૩ થી તા.૩૦/૦૬/૨૦૨૪ દરમ્યાન ગ્રાહકોએ કંપનીના ત્રણેય કર્મચારીઓ સાથે મળેલ અને પોતાની જરૂરીયાત મુજબની લોનની માંગણી કરતા રજુ કરેલ રેકર્ડ આધારે લોન મળવા પાત્ર ન હોય, તેમ છતા ગ્રાહકોને લોનના નાણા અપાવેલ હતા. અલગ અલગ ગ્રાહકો, જેમણે ખોટા બિલ રજૂ કરી રૂપીયા લઈ ઠગાઈ કરી જેમાં જય ભવાની એન્ટરપ્રાઈઝના માલીક કૌશલ્યકુમાર હર્ષદભાઈ દક્ષિણી, ક્રિષ્ના અશ્વિનભાઈ ઠકકર (બંને રહે. સુંદરી ભવાની ચોક, શીતલા માતા મંદીર સામે, ગરબી ચોક, રામજી મંદીર, સુરેન્દ્રનગર) ભેગા મળી હળવદના સુંદરી ભવાની પંચાયત ઉપર મિકલત નં ૧૩૨, ૧૨૯, જેમાં પંચાયતનું રેકર્ડ રજુ કરેલ, જે રેક ર્ડ ખોટું અને બનાવટી હોવા છતા ખરા તરીકે ઉપયોગ કરી કંપનીમાંથી તા.૩૦/૦૯/૨૦૨૩ ના રૂ.૨૦ લાખ મેળવેલ છે. જયોતિ સીએનસી ઓટોમેશન અને પ્રોપર્ટીના ખોટા બિલ રજૂ કરી લોન મેળવનાર રાજકોટમાં રાધેકિષ્ના ટાપુભુવન પ્લોટ નં ૧/બી ક્રિષ્ના નગર રોડ સ્વામીનારાયણ ચોકમાં રહેતાં શ્રી પાવડર કોટીંગના માલીક અમીત મનહરભાઈ બોરડએ તા.૧૭/૦૭/૨૦૨૪ના રૂ.૪૦ લાખની લોન લીધેલ છે. તેમજ એસ.કે.એન્ટરપ્રાઈઝ જેના માલિક પાર્થ કમલેશ દુધાતરા (રહે. કાંગશીયાળી અક્ષરાતીત ઈ-વીંગ ફલેટ નં ૩૦૮) તથા શિલ્પા પાર્થ દુધાત્રાએ પ્રોપર્ટી તથા જયોતિ સીએનસી ઓટોમેશનના ખોટા બિલ રજૂ કરી તા.૨૧/૦૧/૨૦૨૪ ના રૂ.૨૫ લાખની લોન લીધેલ છે. રાજકોટની શ્રીજી ટ્રેડીંગના માલીક અરજણ વિઠ્ઠલભાઈ આસોદરીયા તથા શીલ્પાબેન આસોદરીયા (રહે. ૧૧ શેરી નં ૩ ગોકુલ પાર્ક, રણુજા મંદીર પાસે, કોઠારીયા રોડ) એ રૂ.૩૪ લાખની તા.૧૬/૦૩/૨૦૨૪ ના લોન લીધેલ છે. માં હાર્ડવરના માલીક જતીન પ્રવીણભાઈ કણજારીયા અને મોનીકા કણજારીયા (રહે. ગોકુલધામ સોસાયટી, પ્લોટ નં ૪૨/૩, જામનગર) એ પ્રોપર્ટી તથા મશીનરી બાટી બાયોના ખોટા બીલ રજુ કરી તા.૨૯/૦૨/૨૦૨૪ ના રૂ.૩૫ લાખની લોન લીધેલ છે. દ્રારકેશ કેડ કેમ્પના માલીક કણજારીયા હીતેશ મુળશીભાઈ (રહે. કંજારીયાનગર, ખાખરીયા કોલોની, આહીર ચોક, રાજકોટ), ક્મલેશભાઈ જમનાદાસ પાડલિયા (રહે, બી-પ્રથમ હાઈર્ટસ, સૌરાષ્ટ્ર હોટલની પાછળ, કાંગશીયાળી) એ માઈક્રોમેટીક મસીન ટુલ્સની મશીનરીના ખોટા બીલ રજૂ કરી તા.૩૦/૦૩/૨૦૨૪ ના રૂ.૧૫ લાખની લોન લીધેલ છે.

મહેક ઈન્ટરનેશનલના માલીક જગદીશ છગનભાઈ ચૌહાણ તથા કોપ્રજ્ઞાબેન ચૌહાણ (રહે. બંને શ્રુતિ પાર્ક, નારાયણનગર, હરીયા કોલેજ પાસે, જામનગર) એ ગેડી વેઈલરના ખોટા બિલ રજૂ કરી માત્ર સ્ટ્રોક ઉપર તા.૨૯/૧૨/૨૦૨૩ ના રૂ.૪૦ લાખની લોન લીધેલ છે. આરતી એન્ટરપ્રાઈઝના માલીક વિનોદભાઈ નાનજીભાઈ પારવીયા તથા પુષ્પાબેન પારવીયા (રહે.દ્રારકેશ -૩, પ્લોટ નં ૧૬૮/૧, સંઢિયા પુલ પાસે, જામનગર) એ અમીત એન્જીનીયરીંગના ખોટા બિલ રજૂ કરી તા.૩૦/૧૨/૨૦૨૩ ના રૂ. ૫૦ લાખની લોન લીધેલ છે.

આદી એન્ટરપ્રાઈઝના માલીક ચીરાગ ભરતભાઈ અને ભરતકુમાર ધારવીયા (રહે,૨૩ ગોકુલનગર, ચામુડા પાન પાર્લર પાસે, શ્યામનગર પાછળ, જામનગર) એ રાધે પ્રોડક્ટના મશીનરીના ખોટા બીલો રજુ કરી તા.૩૦/૧૨/૨૦૨૩ ના રૂ.૨૫ લાખની લીન લીધેલ છે. કે.કે.ઓટોમેશનના માલીક જયદીપભાઈ ખીમજીભાઈ ચૌહાણ તથા પુનમ હીનાબેન કંજારીયા (રહે. ૭૨૧- કે શ્રધ્ધા સોસાયટી શેરી નં ૫, નેહરૂનગર ૮૦ ફુટ રોડ રાજકોટ) એ માધવ એન્ટરપ્રાઈઝના ખોટા બિલ રજૂ કરી તા.૧૧/૧૦/૨૦૨૩ ના રૂ. ૩૦,૩૧,૫૧૭ ની લોન લીધેલ છે. પુજા પેકેઝીંગના માલીક રાજપુત રાજદેવસિંગ મુરારીસીગ તથા રેખા રાજપુત (રહે,વિસનગર રોડ પ્લોટ નં.૩૭૦, નેશનલ હાઈવેન્ટ, વિસનગર સેડ, કઠવાડા, મહેસાણા) એ પ્રોપટી તથા લુસાઈ ઈન્ડસ્ટ્રીઝના મસનરીના ખોટા બીલ રજૂ કરી તા.૩૧/૦૧/૨૦૨૪ ના રૂ.૨૫ લાખની લીધેલ છે. દીયા પ્લાસ્ટીકના માલીક ડોલી ભાવીક ઠકકર તથા ભાવીક ઠકકર (રહે. વિશાદ રેસીડન્સી, દેવપરીયા બંગ્લોજ -૨, આનંદનગર સેડ, વૈજલપુર, અમદાવાદ) એ મારૂતિ નંદન પ્લાસ્ટિક મશીનરીના ખોટા બીલો રજુ કરી તા.૧૭/૦૧/૨૦૨૪ ના રૂ.૧૩ લાખની લોન લીધેલ છે. માં જનરલ સ્ટોરના માલીક નરેન્દ્ર છગનદાસ અગ્રાવત તથા તેમના પત્નિ કાજલબેન અગ્રાવત (રહે. મોટા ખીજડીયા, બસ સ્ટેન્ડની બાજુમાં શેરી નં.૩, પડધરી) એ પોતાની પ્રોપર્ટી મોટા ખીજડીયાના ઘર નં.૪૮૪ ના પંચાયતનું ખોટું રેકર્ડ ઉભુ કરી તા-૩૦/૦૯/૨૦૨૩ ના રૂ.૧૦ લાખની લોન લીધેલ છે.કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતા આકાશ વ્યાસની જવાબદારી માર્કેટમાંથી ગ્રાહક શોધી તેઓની જરૂરીયાત મુજબની લોન માટે તેમની પાસેથી જરૂરી દસ્તાવેજી પુરાવા મેળવી ચકાસણી કરી જો પુરાવા વિશ્વસનીય જણાય તો તેની ફાઈલ તૈયાર કરી, બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા વિરેન્દ્રસિંહ ઝાલા સમક્ષ રજુ કરતા, ત્યારબાદ બ્રાન્ચ મેનેજર દ્વારા રજુ કરેલ તમામ રેકર્ડ કંપનીના નિયમ અનુસાર ચકાસણી કરી ગ્રાહકની આવકની પણ ચકાસણી કરી લોન લેવા સારૂ સક્ષમ છે કે કેમ? તે અંગે સમીક્ષા કરવાની હોય નહીં કરતા કૌભાંડ આચાર્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જુનાગઢનો નામચીન તસ્કર પાસામાં અમદાવાદ જેલમાં ધકેલાયો

## ભક્તિનગર પોલીસે તૈયાર કરેલી પાસાની દરખાસ્તને પોલીસ કમિશ્નર દ્વારા મંજુર કરાતા મુકેશ ઉર્ફે મુકા સોલંકીને અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં ઘરફોડ ચોરીઓના ગુન્હાઓમા સંડોવાયેલ શખ્શને ભક્તિનગર પોલીસે તૈયાર કરેલી પાસા દરખાસ્તને પોલીસ કમિશનર દ્વારા મંજુર કરવામાં આવતા અમદાવાદ મધ્યથ જેલમાં ધકેલી દેવાયો છે.

ચોરી કરવાના અનેક ગુન્હામાં પકડાયેલ શખ્શને જુનાગઢ જેલમાંથી છુટતાની સાથે જ ભકિતનગર પોલીસ સ્ટેશન દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી પી.સી.બી શાખા તરફ મોકલવામાં આવતા, પીસીબી પોલીસે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ પાસાનું વોરંટ ઈસ્યુ કરતા ઘરફોડ ચોરીઓના ગુનાઓમાં પકડાયેલ શખ્શ મુકેશ ઉર્ફે



મુકો ભાદા સોલંકી (રહે. ઢેબર કોલોની નારાયણ નગર મફતિયા પરા ઝૂપડપટ્ટી હાલ ઈવનગર ભૂતનાથ દરવાજા પાસે જુનાગઢ) વાળાને વોરંટની બજવણી કરી અમદાવાદની મધ્યસ્થ જેલમાં ધકેલી દેવાયો છે. વધુ મા પોલીસે જણાવ્યું હતું કે મુકેશ ઉર્ફે મુકો સામે ભક્તિનગર પોલીસ મથકમાં ચાર અને જુનાગઢ, કેશોદ પોલીસ મથકમાં એક-એક ગુન્હો એમ પાંચ ગુન્હા નોંધાયેલા છે.

મુકેશને પાસા તળે પકડી પાડવામાં ભકિતનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. મયુરધ્વજસિંહ એમ સરવૈયા, પી.સી.બી પી.આઈ. એમ.આર. ગોડલીયા, ભકિતનગર પો.સ્ટે.ના પ્રો.પી.એસ.આઈ જે.જે ગોહીલ, એ.એસ.આઈ. નિલેષભાઈ મકવાણા, ભરતભાઈ મારકણા, હેડ. કોન્સ. પ્રભાતભાઈ મૈયડ, કોન્સ. હરવિજયસિંહ ગોહીલ, પ્રકાશભાઈ મકવાણા, મયુરધ્વજસિંહ જાડેજા તથા હોમગાર્ડ હાર્દિકભાઈ પીપળીયા અને પી.સી.બી. શાખાના હેડ. કોન્સ. રાજુભાઈ દહેકવાલ, ઈન્દ્રજીતસિંહ સીસોદીયા દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# સરધાર સ્વામિનારાયણ મંદિરના સ્વામી ફરી વિવાદમાં: અનુ જાતિ યુવાનને માર મારવા બદલ ત્રણ સામે ફરિયાદ

## મંદિર પાછળ આવેલ બૌદ્ધ વિહાર ની જગ્યા પર બુલડોઝર ફેરવી દેવા બાબતે મારામારી સર્જાઇ હતી: પોલીસે દોઢ મહિના બાદ યુવાનની ફરિયાદ નોંધી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સરદાર ગામે આવેલ સ્વામિનારાયણ મંદિર ની પાછળ બોધવિહાર ની જગ્યામાં સ્વામી સહિતના ભક્તો દ્વારા જગ્યાનું લેવલીંગ કરવા જેસીબી ચલાવતા અને બૌદ્ધ વિહાર નું સંચાલન કરતા અનુજા તે યુવાને આ અંગે વિરોધ કરતા માર માર્યાની ફરિયાદ ૧:૩૦ મહિના બાદ આજીડેમ પોલીસમાં નોંધાય છે.

આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ સરદાર ગામે ધારેશ્વર મંદિરની પાછળ મહાદેવ મોટર્સ ની સામે ગોંડલ રોડ પર રહેતો અને મજૂરી કામ કરતો બીપીન બધાભાઈ મકવાણા નામના અનુ જાતિ યુવાને આજે ડેમ પોલીસમાં જેસીબી નંબર લષ૩વ ય ૨૩ ૧૬ નો ડ્રાઈવર નવાગામનો સુરેશ આહીર તથા મહિપત આહીર અને પ્રિતેશ રામાણી સહિત ત્રણ શખ્સો વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ અને મારામારી અંગે આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. યુવાને ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગઈ તારીખ ૧૯ ૩ ૨૦૨૫ ના સાંજના સાડા પાંચેક વાગ્યે પોતે તેના વડીલોને સરકાર તરફથી મળેલી હરીપર રોડ પર આવેલી જગ્યા પર બોધવિહાર પર હતો ત્યારે નવા ગામનો સુરેશ આહીર જેસીબી લઈ ત્યાં આવેલ અને મંદિરના સ્વામી પાવન સ્વરૂપ પણ ત્યાં હાજર હોય અને જમીનમાં સાફ-સફાઈ કરવા માટે કામ ચાલુ કર્યું હોય ત્યારે યુવાને જણાવેલ કે આ જગ્યા પર બોધવિહાર બનાવવામાં આવ્યું છે અને વર્ષોથી તેના પર દાદાને આ જગ્યા સરકાર તરફથી આપવામાં આવી હોય જેની કાનૂની પ્રક્રિયા ચાલુ હોય જે બાબતનું જણાવતા ઉપરોક્ત ત્રણેય શકશો એ કહેલ કે આ જગ્યા કલેક્ટર દ્વારા અમને ફાળવવામાં આવી છે અને અમે આ જમીન પર હોસ્પિટલના પાયા ખોદવાના હોય જેથી જમીનનું લેવલિંગ કરી રહ્યા છીએ આ બાબતે યુવાને વિરોધ કરતા જેસીબી નો



ડ્રાઈવર સુરેશ આહીર તથા મહિપત આહીર અને પ્રિતેશ રામાણી એ યુવાનને બેફામ માર મારી ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા ની ફરિયાદ આજે ડેમ પોલીસમાં નોંધાવી છે બનાવના પગલે પી.આઈ એ બી જાડેજા સહિતના સ્ટાફે ગુનો નોંધી વધુ તપાસે કાગડો વળી કચેરીએ એસી એસટી સેલના એસીપી તરફ રવાના કર્યા છે.

# કારખાનેદારે વિદેશમાં બિયારણ એકસપોર્ટ કરવાની લાલચમાં ૩૧.૪૮ લાખ ગુમાવ્યા

## ફેસબુક મારફતે કારખાનેદારનો સંપર્ક કરી છેતરપિંડી આચરનાર ૧૦ શખ્સ વિરુદ્ધ નોંધાતો ગુનો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના આકાશવાણી ચોકમાં આવેલા શાંતિ હાઈટ્સ રહેતા કારખાનેદારને સાથે વિદેશમાં બિયારણ એક્ષ્પોર્ટ કરવાના બહાને ૩૧.૪૮ લાખની છેતરપીંડી થતા આ મામેલ ખાતા ધારક સહીત ૧૦ સામે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. સાયબર ક્રાઈમની ટીમે આ મામલે ખાતા ધારકોની તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ શહેરના યુનિવર્સીટી રોડ પરના આકાશવાણી ચોકમાં આવેલા શાંતિ હાઈટ્સ ફલેટ નં ૭૦૨માં રહેતા અને જેતપુરમાં સોનલ ડાય એન્ડ પ્રિન્ટીંગ નામે કારખાનું ચલાવતા રાહુલ મથુરાદાસ જોગીએ સાયબર ક્રાઈમ પોલીસમાં યુનિયન બેંક, ઈન્ડીયન બેંક અને બેંક ઓફ બરોડા એકાઉન્ટ ધારક અને મોબાઈલ ધારક સહીત ૧૦ તેમજ તપાસમાં ખુલે તે તમામ સામે ફરિયાદમાં નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૨૫/૧૦/૨૪ના એલેક્ષ નાડીયા નામના ફેસબુક આઈડી પરથી મેસેજ આવ્યો અને વોટ્સએપ નંબર માંગ્યા બાદ તેની સાથે વાત કરતા ફોન કરનારે તે એક કંપનીમાં નોકરી કરતો હોય અને તેની કંપની વિદેશમાં બિયારણ મોકલતી હોય જે ભારતમાંથી લઈ તે વિદેશમાં મોકલવાનો એક્ષપોર્ટનો બિઝનેશ કરવા લાલચ આપી બાદ બિયારણ ઈન્ડીયાની એક કંપનીમાં બને છે. તેની સંપૂર્ણ વિગત દર્શાવતો ઈમેઈલ મોકલ્યો હતો. જે બાદ એક વ્હેટઅપ નંબર ઉપર થી ફોન આવ્યો હતો અને તે બીયારણ કંપની (ચાહમાં ટ્રેડ્સ)ના કોન્ટેક નંબર તેમજ અંનીથા જૈન નામ વાળી વ્યક્તીનો આપેલ અને જે નંબર ઉપર રાહુલભાઈએ કોલ કરીને તેમની સાથે વાતચીત કરેલ જેમાં તેમની સાથે બીયારણ લેવા બાબતે વાત ચીત કરેલ હતી જેમાં તે બીયારણનો ભાવ ૧૦૦ ગ્રામના રુપીયા રૂ.૬૨,૯૩૬ જણાવેલ હતો. રાહુલભાઈએ તેની પાસેથી એક પેકેટ ૧૦૦/- ગ્રામ નુ મંગાવેલ હતુ જેની રકમ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આપી હતી. બાદમાં આ અલગ અલગ ઓર્ડર ના નામે અલગ અલગ દિવસે કુલ રૂપીયા ૩૧,૪૮,૯૦૦ અલગ અલગ ખાતામાં જમા કરાવેલ હતા. થોડાદિવસ પછી મી.સિસ્મિથ નામના વ્યક્તિએ ફોન કરી તેઓ ફરીથી અમોને બીજા ૭૧ પેકેટના ઓર્ડની વાત કરેલ કારખાનેદારને આ બાબતે શંકા જતા કંપનીના આસીસ્ટનટ તથા કસ્મર કેર નંબર ઉપર કોલ કરતા બધા નંબર ઉપર કોઈ યોગ્ય પ્રત્યુત્તર નહી મળતા અંતે આ બાબતે ગુજરાત રાજ્ય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નબંર ૧૯૩૦ પર કોલ કરીને અમારી ઓનલાઈન ફરિયાદ કર્યા બાદ રાજકોટ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા ફસ્ટ પી.આઈ જે.એમ. કૈલા સાથે પી. આઈ. બી.બી. જાડેજા અને એસ.ડી. ગીલવાની ટીમે વધુ તપાસ શરૂ કરી છે.

# સાઈબાબા સર્કલ પાસેથી દેશી તમંચો-૨ કાર્ટીઝ સાથે યુપીનો રાજન ઝડપાયો

## કડકાઈ દૂર કરવા તમંચો વેચવા ઉભો હતો પણ પોલીસે દબોચી લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજીડેમ પોલીસે સાઈબાબા સર્કલ નજીકથી ૨ જીવતા કાર્ટીસ અને દેશી તમંચા સાથે ઉત્તરપ્રદેશના રાજનને પકડી પાડી તપાસ શરુ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં પરપ્રાંતીય શખ્સે આર્થિક તંગી દૂર કરવા તેમના ઉત્તરપ્રદેશ રાજ્યમાંથી તમંચો લઈ આવીને થોડા પૈસા મળે તો વેચી નાખવાની ફિરાકમાં હોવાનું કબુલ્યું હતું.

મળતી વિગતો મુજબ આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈ એ.બી.જાડેજાની રાહબરીમાં સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ જે.જી.રાણા અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતા. ત્યારે એ.એસ.આઈ. રવિભાઈ દિલીપભાઈ વાંક અને હાલૂનરસીદ રમજુભાઈ ચાનીયાને માતમી મળી હતી કે રોલેક્ષ રોડ પર એક શખ્સ ગેરકાયદે હથિયાર સાથે આંટાફેરા કરી રહ્યો છે.દરમિયાન પોલીસે ત્યાં પહોંચી તપાસ કરતા એક શંકાસ્પદ શખ્સની પૂછપરછ કરતા આ શખ્સે તેમનું નામ રાજનકુમાર સદાનંદ ગૌતમ (ઉ.વ.૨૩, રહે. સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, સોમનાથ વેબ્રીજ પાસે, ગુલાબનગર બાજુમાં, રોલેક્ષ રોડ, રાજકોટ, મુળઃ- બલનપુર ગામ, પોસ્ટ. જંગીગંજ થાના. ગોપીગંજ જી.બધોઈ રાજ્ય-ઉત્તરપ્રદેશ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે આ સમયે તેમની અંગજડતી લેતા રાજન પાસેથી દેશી બનાવટનો તમંચો અને બે જીવતા કાર્ટીસ મળી આવ્યા હતા. આ બાબતે વધુ વિગતો આપતા એ.બી.જાડેજાએ જણાવ્યું હતું કે, હાલ તમંચો-કાર્ટીઝ મળી રૂ.૫૨૦૦નો મુદ્દામાલ કબજે કરી રાજનની આકરી ભાષામાં પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારે રાજાને કોઈ વેરઝેર કે માથાકુટને લીધે તમંચો સાથે નહોતો રાખ્યો પણ આર્થિક તંગી દૂર કરવા, જો ખરીદી કરતા વધારે પૈસા મળે તો વેચી નાખવાની અને ગ્રાહકની શોધમાં હોવાનું કબુલ્યું છે. જો કે સત્ય બહાર લાવવા તેમને



રિમાન્ડ પર લેવાશે તેવું તેઓએ જણાવ્યું હતું.પીઆઈ એ.બી.જાડે જા, પીએસઆઈ જે.જી.રાણા, એ.એસ. આઈ.હારૂનભાઈ ચાનીયા, રવિભાઈ વાંક, હેડ.કોન્સ. પિયુષભાઈ ચિરોડીયા, દિગ્પાલસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ પ્રદિપસિંહ ગોહીલ, જગદીશસિંહ પરમાર, દિવ્યરાજસિહ જાડેજા, ગોપાલભાઈ બોળીયા, મહેશભાઈ કોઠીવાળ, હરપાલસિંહ જાડેજા, દેવાભાઈ ધરજીયા, સંજયરાજ બારોટ તેમજ વિશ્વરાજસિહ પરમાર દ્વારા રાજનને પકડવા કાર્યવાહી કરવામાં આવી હતી.

# ચાલુ ટ્રેનમાંથી ફેકેલી પાણીની બોટલ ૧૪ વર્ષીય સગીરને માથામાં લાગતા મોત

- શાપર વેરાવળના ફાટક પાસે બનેલો વિચિત્ર બનાવ:મોતનું ચોક્કસ કારણ જાણવા ફોરેન્સિક પીએમ કરાવવા તજવીજ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ચાલતી ટ્રેનમાં કોઈએ પથ્થર ફેંક્તા યુવકને ગંભીર ઈજા થતા ખાનગી હોસ્પીટલમાં ખસેડાયો હતો જે અંગે ફરિયાદ નોંધાઈ હતી આ ઘટના બાદ શાપર વેરાવળની મસ્ત ફાટક પાસે આજે વિચિત્ર ઘટના બનવા પામી છે જેમાં ચાલુ ટ્રેનમાંથી કોઈએ પાણીની બોટલ ફેંક્તા અહીં ઉભેલા ૧૪ વર્ષીય સગીરને આ બોટલ માથામાં લાગતા તેનું મૃત્યુ નીપજ્યું છે બનાવની જાણ થતા શાપર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને મોતનું કારણ જાણવા મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પીટલે ખસેડાયો છે.

આ અંગેની વિગતો મુજબ શાપર



વેરાવળના શાંતિધામ સોસાયટી વિસ્તારમાં રહેતો બાદલ સંતોષસિંગ ઉ.૧૪ નામનો સગીર બપોરે ઘર નજીક રેલ્વે ટ્રેક પાસે રમતો હતો ત્યારે અહીંથી પસાર થયેલ ટ્રેનમાંથી કોઈએ પાણીની બોટલનો ઘા કરતા આ બોટલ બાદલને લાગી ગઈ હતી અને તે બેભાન થઈ ઢળી પડ્યો હતો જેથી લોકો એકઠા થઈ જતા તેને સારવાર અર્થે કોટડાસાંગાણી હોસ્પીટલે ખસેડાયો હતો પરંતુ અહીં ફરજ પરના તબીબોએ જોઈ તપાસી મૃત જાહેર કરતા શાપર પોલીસ મથકના મુકેશભાઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો બોટલ લાગવાથી સગીરનું મોત થતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે બીજી તરફ પરિવારજનોએ મોતનું ચોકક્સ કારણ જાણવા ફોરેન્સિક પીએમ અર્થે મૃતદેહ રાજકોટ સિવિલ હોસ્પીટલે ખસેડ્યો હતો.

# પેઢીનાં પાછલા શટર દ્વારા પ્રવેશ કરી તિજોરીમાંથી રૂપિયા લઈ લીધા

## ગોંડલમાં ૪૩ લાખના દાગીના અને રોકડ લઈને ફરાર વેપારીનો પુત્ર કોલકતાથી ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**


ગોંડલનાં માર્કેટ યાર્ડ માં ભાગીદારીમાં વેપારી પેઢી ચલાવતા વેપારીનો પુત્ર રોકડ તથા ૬૫ તોલા સોનાનાં દાગીના મળી ૪૩ લાખની માલમતા સાથે નાશી ગયાની ઘટના માં રુરલ ક્રાઈમ બ્રાન્ચે તપાસ નાં ચક્રોગતિમાન કરી ગણતરીનાં દિવસોમાં પોતાની પ્રેમીકા પાસે પહોચેલા યુવાનને કલકતાથી ઝડપી લઈ બીથડીવીઝન પોલીસ હવાલે કર્યો હતો.પોલીસે યુવાનની પુછપરછ હાથ ધરીછે. ગોંડલ માર્કેટ યાર્ડ માં પુજા એન્ટરપ્રાઇઝ નામે ડુંગળીનો હોલસેલ વેપાર કરતા અને રાજકોટ યુનિવર્સિટી રોડ ગંગોત્રી પાર્ક મા રહેતા પરેશભાઈ જમનાદાસ લાડાણીનો ભત્રીજો તારક અશોકભાઈ લાડાણી ગત તા.૨૩ નાં પેઢીની તિજોરીમાં પડેલાં રુ.એક લાખ ઉપરાંત પરેશભાઈ નાં નાગરિક બેંક માર્કેટ યાર્ડ શાખાનાં લોકર માં થી પરેશભાઈ ની ડુપ્લિકેટ સહી કરી ૪૨



લાખના નાના મોટા સોનાનાં ઘરેણા લઈ નાશી જતા બનાવ અંગે બીથડીવીઝન પોલીસ માં ફરિયાદ થતા એલસીબી પીઆઈ. ઓડેદરા, પીએસઆઈ ગોહેલ એએસઆઈ જયવિરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, મહીપાલસિહ ચુડાસમા સહિત ની ટીમે તપાસ હાથ ધરી ગણતરીનાં દિવસો માં તારક ને

કલકતા થી રુ.૪૨,૩૫,૮૨૪ નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.એક લાખ રૂપિયા વાપરી નાખ્યા હતા. માર્કેટ યાર્ડ ની પુજા એન્ટરપ્રાઇઝ પેઢી માં પરેશભાઈ ઉપરાંત તેના નાનાભાઈ અશોકભાઈ તથા માતા જયાબેન ભાગીદાર છે. અશોકભાઈ નો પુત્ર તારક પેઢી સંભાળે છે.તારક પંજાબ ની યુવતી પિન્કી હરબંસદાસલાલનાં પ્રેમ માં હોય બે મહીના પહેલા પણ પ્રેમીકા પાસે નાશી ગયો હતો. તારક પેઢીનાં પાછલા શટર દ્વારા પ્રવેશ કરી તિજોરી માંથી રુપીયા લેતો પેઢીનાં સીસી કેમેરામાં દેખાય છે.બાદમાં તેની તપાસ કરતા તેનુ બાઈક ગોંડલ રેલ્વેસ્ટેશન પાસે થી મળી આવ્યુ હતુ.તારક મુંબઈ થઈ પ્રેમીકા પિન્કી પાસે કલકતા પંહોચ્યોહતો.બનાવ અંગે બીથડીવીઝન પીએસઆઈ ઝાલાએ તારક ની પુછપરછ હાથ ધરીછે.

# પીપળીયા ફાટક પાસે ટ્રેનની ઠોકરે ચડી જતા વૃદ્ધનું મૃત્યુ



શહેરની ભાગોળે જામનગર રોડ પર આવેલા પરાપીપળીયા ફાટક પાસે ટ્રેનની ઠોકરે ચડી જતા ખંઢેરીના વૃદ્ધનું મોત નીપજ્યુ હતુ. વૃદ્ધને કાનમાં બહેરાશ હોવાથી ટ્રેનનો અવાજ સંભાળાયો ન હતો અને ઠોકરે ચડી જતા મોત નીપજ્યુ હતુ. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી. જાણવા મળતી વિગત મુજબ પડધરી તાલુકાના ખંઢેરી ગામે રહેતા મુળુભાઈ લક્ષ્મણભાઈ સીચણીયા (ઉ.વ.૮૫) નામના વૃધ્ધ સવારે પરાપીપળીયા ફાટક પાસે ટ્રેનની ઠોકરે ચડી જતા તેમનું મોત નીપજ્યું હતું બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી તપાસ હાથ ધરી હતી.. પ્રથામિક તપાસમાં મૃતક બે ભાઈમાં મોટ અને તેમને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. તેઓ સવારે ઘરેથી રાજકોટ જવાનું કહી ચાલીને નીકળ્યા હતા. પરિવારજનોએ જ ણાવ્યા મુજબ વૃદ્ધને કાનમાં બહેરાશ હોવાથી ટ્રેનનો અવાજ સંભળાયો ન હોય જેથી આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.

# ઘરેથી નીકળી ગયેલા યુવકનો મૃતદેહ બેડી પુલ નીચેથી મળ્યો

## કેન્સરની બિમારી સબબ બેભાન થઇ ગયાની આશંકા; પોલીસ તપાસ જારી

શહેરની ભાગોળે મોરબી રોડ પર બેડીપરાના પુલ નીચેથી યુવકની લાશ મળી આવી હતી. ભગવતીપરાના યુવાનને કેન્સરની બિમારી હોય ઘરેથી નીકળ્યા બાદ બિમારી સબબ મોત થયાનું ખુલવા પામ્યું છે. જાણવામ મળતી વિગત મુજબ બેડીપરાના પુલ નીચે અજાણયા યુવાનની લાશ પડી હોવાની જાણ થતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતકની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરી હતી. દરમિયાન મૃતક ભગવતીપરા પુલ નીચે રહેતો હિરેન સોમાભાઈ જાદવ (ઉ.વ.૩૭)હોવાનું જાણવા મળ્યુ હતુ. પ્રાથમિક તપાસમાં મૃતક છુટક મજૂરી કરતો હોવાનું અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યુ છે. તેને કેન્સરની બિમારી હોય આજે સવારે ઘરેથી નીકળ્યા બાદ બેડીપરા પુલ નીચે પહોંચતા બિમારી સબબ ઢળી પડતા મોત નીપજ્યાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# માલીયાસણ ગામ પાસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે રાજકોટનો શખ્સ ઝડપાયો

- રૂ.૧૦.૫૩ લાખનો મુદ્દામાલ કબજે કરતી PCB



**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદ-રાજકોટ હાઈવે ચાંદની હોટેલની સામેના ભાગે રોડ ઉપરથી કારમાં પોલીસે એક શખ્શને દારૂની ૩૬ બોટલ સાથે ઝડપી લઈને રૂ ૧૦,૫૩,૯૬૪નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. અંગેની માહિતી મુજબ પીસીબીના એ.એસ. આઈ.હરદેવસિંહ રાઠોડ, હેડ.કોન્સ. કરણભાઈ મારૂ, કોન્સ દેવરાજભાઈ કળોતરાને બાતમી મળી હતી કે એક શખ્સ કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે. બાતમીવાળી જગ્યાએ પહોંચી તપાસ કરતા અમદાવાદ રાજકોટ હાઈવે ચાંદની હોટેલની સામેના ભાગે રોડ પર કાર ઉભી હતી. કારની તલાશી લેવાતા તેમાંથી રૂ. ૫૩, ૯૬૪નો ૩૬ બોટલ દારુ પોલીસના હાથ લાગ્યો હતો. આ સમયે પોલીસે શ્રીજી કૃપા મકાન સોમનાથ સોસાયટી શેરી નં.૩, ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા ટેલીફોન એક્ષચેન્જની પાસે રહેતા હાદિક ઉર્ફે શંભુ મુકેશ ચૌહાણની અટક કરી દારુ, કાર સહિત રૂ.૧૦,૫૩૯૬૪/-ના મુદ્દામાલ કબજે કર્યો હતો. સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામા આવી હતી. પોલીસના જણાવ્યા પ્રમાણે હાદિક ઉર્ફે શુંભુ ચૌહાણ સામે અગાઉ પણ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં ? ગુન્હા નોંધાઈ ચૂક્યા છે. શંભુને ઝડપી લેવામાં પી.સી.બી. પી.આઈ. એમ.આર.ગોંડલીયા, પી.એસ.આઈ. એમ.જે.હુણ, એ.એસ.આઈ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ ,હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઈ મારૂ, ઘનશ્યામસિંહ ચૌહાણ, વિરેન્દ્રસિંહ જાડે જા, હરદેવસિંહ રાણા, કુલદિપસિંહ જાડે જા, રાહુલગીરી ગૌસ્વામી, ગીરીરાજસિંહ જાડે જા, કોન્સ. યુવરાજસિંહ રાણા, વિજયભાઈ મેતા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી દ્વારા કરાઈ હતી.

# જંગલેશ્વરમાં પરણિતાએ સંબંધ રાખવાની ના પાડતા જેલમાંથી છૂટીને આવેલા પૂર્વ પ્રેમીએ ફડાકા ઝીંકયા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જંગલેશ્વરમાં રહેતી મહિલાના ઘરમાં ઘુસી જેલમાંથી છૂટીને આવેલા શખ્સે મારે તારી સાથે પ્રેમસંબંધ રાખવો છે કહી ત્રણ ફડાકા ઝીંકી ધમકી આપતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ અંગેની માહિતી મુજબ જંગલેશ્વરમાં રહેતા તરાનાબેન સમીરભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭)એ ફરિયાદમાં ફારૂક ઉર્ફે જમાલ સલીમભાઈ મૈણનું નામ આપતા તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તરાનાબેનને બે સંતાન છે તેઓએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે, પાંચેક વર્ષ પહેલા હુ તથા પતિ હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમા દુધની ડેર પાસે રહેતા હતા. ત્યારે ત્યાં રહેતા ફારૂક ઉર્ફે જમાલ સલીમભાઈ સાથે મારે પ્રેમ સબંધ થઇ ગયેલ હોય અને અમો બન્ને ઘણી વખત ભેગા પણ થતા હતા અને ત્યારબાદ આ ફારૂક ઉર્ફે જમાલ રાજકોટ જેલમાં ગયો હોય અને ત્યારબાદ હુ મારા પતિ સાથે મારા પપ્પા યુનુસભાઈના મકાનમા કે જે જંગલેશ્વરમા આવેલ છે ત્યા રહેવા માટે આવતા રહ્યા હતા અને આ ફારૂક ઉર્ફે જમાલ જેલમાથી છુટી ગયો હોય અને પંદરેક દીવસ પહેલા બપોરના બે એક વાગ્યે અમારા ઘરે આવ્યો હતો.

અમારી સાથે ઝઘડો કરેલ હતો ત્યારબાદ સાંજના આશરે છએક વાગ્યે અમારા ઘરે આવેલ અને કહેલ કે મારે હજુ તારી સાથે સબંધ રાખવો છે તેમ કહેતા મે ના પાડતા આ ફારૂક ઉર્ફે જમાલ એકદમ ઉશ્કેરાઈ ગયો અને મને બે ત્રણ ફડાકા મારી લીધા હતા અને કહેલ કે જો તુ મારી સાથે સબંધ નહીં રાખ તો હુ તને જાનથી મારી નાખીશ તેમ કહી જતો રહ્યો હતો.આ ફારૂક ઉર્ફે જમાલ સલીમભાઈ મેણ (રહે- માજેઠી નગરના ખુણે રાજકોટ વાળો) મને તેની સાથે સબંધ રાખવાનુ કહી મારી સાથે બોલાચાલી કરી મારી નાખવાની ધમકી આપેલ હોય જેથી ભકિતનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગાંધીગ્રામમાં ત્રણ યુવાન પર મહિલા સહિત ૪નો હુમલો

## મિર્ચી સ્પ્રેનો ઉપયોગ કરી કરાયો હુમલો: હુમલાખોરોને શોધતી ગાંધીગ્રામ પોલીસ



શહેરના ગાંધીગ્રામ વિસ્તારના સદગુરૂ નગરમાં અગાઉના ઝગડાના કોર્ટ કેસ બાબતે મનદુઃખ રાખીને ત્રણ યુવાનો પર મહિલા સહિત ચાર શખ્સે મિર્ચી સ્પ્રેનો ઉપયોગ કરી હુમલો કર્યાની ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે. પોલીસે હુમલાખોરોની શોધખોળ આદરી છે. પ્રાપ્ત વિગતો મુજબ શહેરના સદગુરુનગર રૂડા-૨ માં રહેતા અને વી ડી ડીસ્ટ્રીબ્યુશન પેઢીમાં નોકરી કરતા કેતનભાઈ મનસુખલાલ ગોહેલ (ઉ.વ.૪૮)એ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં મહિલા સહિત ચાર શખ્સોએ હુમલો કર્યાના બનાવ અંગે જણાવ્યું છે કે, ૨૪મી માર્ચના રાત્રીના સાડા નવ વાગ્યે તે પત્ની ચેતનાબેન સાથે ગાંધીગ્રામ શેરી ન.૩/અ માં રહેતા પિતાના ઘરે ગયા હતા.ત્યારે રાત્રીના દસેક વાગ્યાની આસપાસ તેમના પિતાના ઘર કોઈ ઝગડો કરતુ હોવાનું માલુમ પડતા અને ઘરની બહાર નીકળતા ભાઈ મંથનને શેરીના ખુણા પાસે શ્રી રામ ડેરી નજીક યશ ગવલી માર મારતો હતો અને તેના મિત્ર દીગ્વીજય વાળાને ધ્રુવીત પરમાર માર મારતો હતો. આ સમયે કેતનભાઈએ દોડીને છોડાવવા પ્રયાસ કરતા ધ્રુવીત પરમારે તેમના મોઢા પર મિર્ચી સ્પ્રે છાટી નાકના ભાગે મુક્કો મારી દઈને તેમને ઘાયલ કર્યો હતો. દરમિયાન ધ્રુવીતના માતા રેખાબેન તેના પિતા જનકભાઈ એ ત્યાં આવીને કેતનભાઈ સાથે ઝપાઝપી કરીને તેમનું ટીશર્ટ ફાડી નાખ્યું હતું. ડખ્ખા સમયે મંથને પોલીસને કોલ કરવાનુ કહેતા આરોપીઓ ત્યાથી નાસી ગયા હતા. પણ જતા જતા ધ્રુવીતે ગાળો આપીને મારી શેરીમાંથી નીકળતા નહીં નહીંતર તમારા ટાટીયા ભાંગી નાખીશું કહી ધમકી આપી હતી. દરમિયાન ૧૦૮ એમ્બયુલન્સ મારફત ફરિયાદી અને દિગ્વિજય વાળાને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ફરિયાદીએ ઝગડાનું પોલીસને કારણ આપ્યું હતું કે, ધ્રુવીત પરમારે એકાદ વર્ષ પહેલા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં મંથન અને અને તેના મીત્ર દીગ્વીજય સામે ફરીયાદ કરતા તે કેસ કોર્ટમાં ચાલુ હોવાનો ખાર રાખી હુમલો કર્યો હતો.